સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક






વર્ષ : ૪૭ અંક : ૨૬૨ જૂનાગઢ તા.૨૩-૧૦-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 262, Junagadh : Date : 23 October, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# ગાઝા પર ઈઝરાયલનાં હવાઈ હુમલામાં ૪૦૦નાં મોત

## યુધ્ધથી દુર રહેવા અમેરીકાએ ઈરાનને ચેતવણી આપી : લેબનોન બોર્ડર પર ઈઝરાયલ - હિઝબુલ્લાહ વચ્ચે પૂર્ણ કક્ષાનાં યુધ્ધનું કાઉન્ટ-ડાઉન શરૂ : સિરીયા ઉપર પણ ઈઝરાયલની એરસ્ટ્રાઈક

તેલ અવીવ/બૈરૂત તા. ૨૩ ઈઝરાયલ-હમાસ યુદ્ધનો આજે ૧૭મો દિવસ છે. છેલ્લા ૨૪ કલાકમાં ગાઝામાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૪૦૦થી વધુ લોકોના મોત થયા છે. અલજઝીરા અનુસાર, ઈઝરાયલની સેનાએ રફાહ અને જબાલિયા કેમ્પ સહિત ૨૫ સ્થળોએ ભારે બોમ્બમારો કર્યો છે. જબાલિયામાંથી અત્યાર સુધીમાં ૩૦ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. મૃતકોમાં મોટાભાગનાં મહિલાઓ અને બાળકો છે.

ગાઝા પટ્ટીમાં હમાસના સ્થાનો પર ઈઝરાયલનો બોમ્બમારો ચાલુ છે. ઈઝરાયલના હુમલામાં અત્યાર સુધીમાં ૪,૬૫૧ પેલેસ્ટાઈનનાં મોત થયા છે. જ્યારે ૧૪ હજારથી વધુ લોકો ઘાયલ થયા છે. બીજી તરફ ઈઝરાયલ પણ લેબનોનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર સતત હુમલા કરી રહ્યું છે. ઈઝરાયલે આજે હિઝબુલ્લાહનાં બે સ્થળો પર બોમ્બમારો કર્યો હતો. ઈઝરાયલની સેના અનુસાર, હિઝબુલ્લાહના આતંકવાદીઓ આ બેઝ પરથી ઈઝરાયલ પર એન્ટી ટેન્ક મિસાઈલ અને રોકેટ છોડવાની યોજના બનાવી રહ્યા હતા. આ તરફ, વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ રવિવારે ઈઝરાયલી સૈનિકોને મળ્યા જેઓ લેબનોનથી સતત હુમલાનો જવાબ આપી રહ્યા હતા. નેતન્યાહુએ સૈનિકોને કહ્યું કે યુદ્ધમાં જોડાવું એ હિઝબુલ્લાહની સૌથી મોટી ભૂલ હશે. નેતન્યાહુએ હિઝબુલ્લાહને ચેતવણી પણ આપતાં કહ્યું કે, હુમલા ચાલુ રાખવાથી અથવા યુદ્ધ શરૂ કરવાથી, ઈઝરાયલ એવી પ્રતિક્રિયાત્મક કાર્યવાહી કરશે જે લેબનોનમાં વિનાશ લાવી શકે છે. હમાસ સાથે યુદ્ધમાં જોડાવું એ હિઝબુલ્લાહની સૌથી મોટી ભૂલ હશે.

અહેવાલો મુજબ લેબનોન બોર્ડર ઉપર ઈઝરાયલ અને લેબનોનનાં હિઝબુલ્લાહ વચ્ચે પૂર્ણ કક્ષાનાં યુધ્ધનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. ઈઝરાયલે સિરીયા ઉપર પણ હુમલો કર્યો છે. બીજી તરફ અમેરીકાએ ઈરાનને ચેતવણી આપતા જણાવ્યું કે, ઈરાન હમાસ - ઈઝરાયલ યુધ્ધને ભડકાવવાની કોશિષ કરે નહી. ઈરાન સમર્થકો યુધ્ધ ભડકાવી રહયા છે. અમેરીકાએ ઈરાનને યુધ્ધથી દુર રહેવાની ચેતવણી આપી છે.

# સુરતમાં નવરાત્રી લોહિયાળ બની : કાર હટાવવા બાબતે બે સગા ભાઈની હત્યા

સુરત તા. ૨૩ ગુજરાતમાં નવરાત્રિનો આજે છેલ્લો દિવસ છે. ત્યારે ગઈકાલે મહાઅષ્ટમીની રાત્રે સુરતમાં સગા બે ભાઈની હત્યાનો બનાવ સામે આવ્યો છે. બન્ને ભાઈ ગરબે રમતા હતા ત્યારે કેટલાક શખસો આવ્યા હતા અને ગાડી હટાવવાનું કહેતા મામલો બિચક્યો હતો અને ઝઘડો થયો હતો. બાદમાં બન્ને ભાઈને ૪થી પાંચ શખ્સોએ છરીથી રહેંસી નાખ્યા હતા. ઘટનાની જાણ થતા અમરોલી પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. બાદમાં બન્ને ભાઈને હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે બન્નેના મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો. પોલીસે ૩ શખસની અટકાયત કરી છે. પોલીસનાં જણાવ્યા મુજબ કોસાડ આવાસમાં ૪થી ૫ શખ્સે છરીના ઘા ઝીંકી રાહુલ અને પ્રવીણ નામના બે સગા ભાઈની હત્યા કરી હતી. હત્યા બાદ આ શખસો ફરાર થઈ ગયા હતા. જોકે પોલીસે ૩ શખસની અટકાયત કરી તપાસ હાથ ધરી છે.

મૃતકના પિતાએ જણાવ્યું હતું કે, મારા બન્ને દીકરા ગરબા રમતા હતા, ત્યારે ગાડીને સાઈડમાં હટાવવાની સામાન્ય બાબતમાં ઝઘડો થયો હતો. આ ઝઘડો પતી ગયા બાદ એ લોકો ચાલ્યા ગયા હતા. પરંતુ અડધી કલાક બાદ તે લોકો પાછા આવ્યા હતા અને અંધારામાં લઈ જઈ મારા નાના દીકરાને પેટમાં છરી મારી દીધી હતી. આથી મારો બીજો દીકરો તેને બચાવવા ભાગતો ગયો હતો. પરંતુ તેને પણ પેટમાં છરી મારી ભાગી ગયા હતા, ચારથી પાંચ શખ્સો હતા. માત્ર કાર હટાવવા જેવી સામાન્ય બાબતમાં હત્યા કરાઈ છે.

## અમદાવાદ - સુરત સાઈબર ક્રાઈમનાં હોટસ્પોટ

અમદાવાદ તા.૨૩ : ડીજીટલ યુગમાં ગુજરાત સાયબર માફીયાઓનું ટાર્ગેટ બની રહ્યું છે અને અમદાવાદ તથા સુરત સાઈબર ક્રાઈમનાં હોટ સ્પોટ બન્યાનો ચોંકાવનારો રીપોર્ટ જાહેર થયો છે. આઈઆઈટી-કાનપુર સંલગ્ન સંગઠન ફયુચર ક્રાઈમ રીસર્ચ ફાઉન્ડેશનના રીપોર્ટમાં એમ કહેવાયું છે કે અમદાવાદ તથા સુરત દેશનાં નવા સાઈબર ક્રાઈમ હોટસ્પોટ તરીકે ઉભર્યા છે.

૨૦૨૦ થી ૨૦૨૩ દરમ્યાનની સાઈબર ફ્રોડની ઘટનાઓનાં વિશ્લેષણના આધારે તૈયાર કરાયેલા રીપોર્ટમાં એમ કહેવાયું છે કે ૧૮ રાજયોના ૮૩ નાના મોટા શહેરો સાઈબર ક્રાઈમ ઓનલાઈન ફાઈનાન્સીયલ ફ્રોડ તથા હેડીંગ તથા મોબાઈલ આધારીત ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં વૃધ્ધિ થઈ રહી છે અને તે ઘણી ચિંતાજનક છે.


મહાયોગી
વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

દશેરા પર્વની હાર્દિક શુભકામના....
દશેરા પર્વ નિમિતે શુધ્ધ ઘી ની જલેબી તથા ફાફડી ગાઠીયા, સ્પે. ઉંધીયું મળશે
કલ્યાણ
(સુખડીયા આર. કે. મીઠાઈવાળા)
મીઠાઈ તથા ફરસાણનાં વેપારી
કલ્યાણ સ્વીટ માર્ટ
સંઘાડીયા બજાર, જૂનાગઢ.
ફોન : ૨૬૨૪૦૯૫, મો. ૯૪૨૬૭ ૮૧૬૧૫
: બ્રાંચ :
કલ્યાણ સ્વીટ્સ, કોલેજ રોડ, જૂનાગઢ, ફોન : ૨૬૨૭૬૫૭
કલ્યાણ સ્વીટ, ગીરીરાજ મેઈન રોડ, જૂનાગઢ, ફોન : ૨૬૩૬૦૯૫

દુધની મીઠાઈ
કાજુની મીઠાઈ
ડ્રાયફુટ મીઠાઈ
બંગાળી મીઠાઈ
શુધ્ધ ઘી ની મીઠાઈ
શિખંડ
બાસુંદી
અંગુર રબડી
તાજુ ફરસાણ
Mo. 95585 09606
Mo. 98983 29460
ન્યુ સંતોષ ડેરી ફાર્મ
Taste of Satisfaction
દશેરાના તહેવાર નિમિતે
શુધ્ધ ઘી ની કેસરયુક્ત જલેબી
શુધ્ધ ઘી ની કેસર ડ્રાયફુટ ઘારી
ગરમા ગરમ ગાઠીયા
સ્પે. કાઠીયાવાડી ઉંધીયુ મળશે.
દિપમંદિર કોમ્પલેક્ષ, એમ.જી.રોડ, જુનાગઢ.





ઈસ્કોન ગોલ્ડ પ્રોજેક્ટ માં પગ મુકતા જ કહેશો
અરે વાહ... કંઈ જ ના ઘટે...
દિવાળી ના તહેવાર માં હવે....
બુક કરાવો આપના
સપનાનું ઘર
જૂજ ફ્લેટજ બાકી
ઈસ્કોન ગોલ્ડ
4 BHK Luxurious Flats
રેડી પઝેશન
૨ લીફ્ટ, ૨ પાર્કીંગ, ફાયર સેફ્ટી, કોમન ઈલેક્ટ્રીક માટે સોલાર પેનલ
Akshay R. Bhatt
94291 22045
Nandanbaug Society, Near Satnam Garage, Junagadh Timbavadi Bypass, Junagadh.

ગુજરાતનો સૌથી વિશાળ ફર્નિચરનો શોરૂમ
સવન, સાગ, ઓકસોડાઈઝડ, મારબલ, PLB વગેરેના કલાત્મક અને લાઈટીંગવાળા મંદિરો
ફાયનાન્સ સુવિધા ઉપલબ્ધ*
Sunday Open
*T&C
આપના બજેટને અનુરૂપ ફર્નિચરની પસંદગીનું પૂર્ણવિરામ
મોડર્ન ફર્નિચર વર્લ્ડ
વંથલી હાઈવે, વાડલા ફાટક, જૂનાગઢ. મો. ૮૧૨૮૨ ૩૨૦૩૨
A to Z ફર્નિચર, માંગરોળ રોડ, કેશોદ. મો. ૭૨૧૧૧ ૦૨૩૨૩
મોડર્ન ફર્નિચર, હીરા પન્ના કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, જૂનાગઢ. ફોન : ૦૨૮૫-૨૬૩૫૩૨૬

wybor
Smart Android TV
LED TV Available
in 32 to 55 inch
2 વર્ષની સંપૂર્ણ વોરંટી
એક્સચેન્જ ઑફર ઉપલબ્ધ
Whirlpool
એક્સચેન્જ ઑફર ઉપલબ્ધ
મનસુખલાલ ગોકલદાસ એન્ડ સન્સ
પેરેગોન, જેનીલી શોપીંગ સેન્ટરની બાજુમાં, એમ.જી.રોડ, જૂનાગઢ. ફોન : ૨૬૫૩૭૪૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

અમારા માનવંતા ગ્રાહકોને દશેરા પર્વની હાર્દિક શુભકામના
બાબુભાઈ મો. ૭૪૩૩૮ ૦૩૫૩૫
સંદિપભાઈ મો. ૯૪૨૬૮ ૩૩૮૧૧
મીઠાઈઓની મીઠાશ...એટલે...
મુરલીધર ડેરી ફાર્મ
અંબા આર્કેડ, એમ.જી. રોડ, જેનીલી શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ





દશેરાનાં તહેવાર નિમિતે ફરસાણ તથા મીઠાઈનાં ભાવમાં જંગી ઘટાડો
ફરસાણ ૧ કિલોનાં રૂા. ૧૬૦/-
ફાફડી ગાઠીયા ૧ કિલોનાં રૂા. ૧૮૦/-
મિક્સ મિઠાઈ ૧ કિલોનાં રૂા. ૧૮૦/-
દૂધની મીઠાઈ ૧ કિલોનાં રૂા. ૨૪૦ થી ૩૬૦/-
ખાજલી ૧ કિલોનાં રૂા. ૧૮૦/-
સાટા ૧ કિલોનાં રૂા. ૧૬૦/-
દશેરાનાં દિવસે આખો દિવસ લાઈવ ફાફડા તથા જલેબી મળશે
(ઠા. મનસુખભાઈ લુશાળા વાળા) દિપક એમ. રૂપારેલીયા
જલારામ ફરસાણ એન્ડ ડેરી ફાર્મ
એમ.જી. રોડ, ડો. પી.જે. બુચ સાહેબની બાજુમાં, જૂનાગઢ. મો. ૯૪૨૭૭ ૪૧૪૨૪




# માર્કેટીંગ યાર્ડ - જૂનાગઢમાં માત્ર એક જ આઠવાડીયામાં નવા માસ્ટર રેકોર્ડબ્રેક સાથે સોયાબીનની ચીક્કાર આવક

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢએ યુવાન ચેરમેન કેવલભાઈ ચોવટીયાની રાહબરી હેઠળ ચાલતી જિલ્લાની સર્વોચ્ચ સહકારી સંસ્થા હોય માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢમાં સોયાબીનની આવક એ એક અઠવાડિયાની અંદર ફરી પાછો એક નવો રેકોર્ડ બનાવ્યો છે. એક અઠવાડિયા પહેલાં માર્કેટીંગ યાર્ડ - જૂનાગઢ માં સોયાબીનની આવકે અગાઉના તમામ રેકોર્ડ તોડી અને નવો રેકોર્ડ બનાવ્યો હતો જેમાં ૩૬૦૦૦ કટ્ટા સોયાબીન ની આવક થઈ હતી અને જેમના માત્ર સાત દિવસ ની અંદર જ વધુ એક નવો રેકોર્ડ બનાવ્યો છે જેમાં તારીખ ૨૨-૧૦-૨૦૨૩ને રવીવારના રોજ ૫૮૬૦૨ કટ્ટા એટલે કે ૧,૪૬,૫૦૫ મણ સોયાબીન ની આવક નજીવી એવી માત્ર ૯ કલાકની અંદર જ થઈ હતી અને ખેડૂતોની તમામ જણસી સુવ્યવસ્થિત રીતે માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢમાં ઉતરાઈ થઈ હતી. ઉપરાંત અન્ય યાર્ડની સાપેક્ષે માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢમાં ખેડુતોને ભાવ વધુ મળતા હોવાથી માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢમાં ન માત્ર જૂનાગઢ જિલ્લામાંથી પરંતુ રાજકોટ, પોરબંદર, અમરેલી, ગીર-સોનાથ અને આજુબાજુના તમામ વિસ્તારમાંથી ખેડૂતો સોયાબીન ભરીને માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢમાં આવ્યા હતા. આ વખતે માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢમાં આવક ખુલતી વખતે ખેડૂતોને લાઈનબધ રીતે પ્રવેશ થાય અને કોઈ પણ ખેડૂતોને અન્યાય ન થાય તે માટે માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢમાં ટોકન સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. જેમાં ખેડૂતોને આગલે દિવસે જ મોડી રાત્રેથી જ કતાર ચાલુ થઈ ગઈ રાત્રેથી જ ખેડૂતોને ટોકન આપવામાં આવ્યા હતા અને ટોકન મુજબ ખેડૂતોને વાહનોને લાઈનબધ રીતે યાર્ડની અંદરમાલ લઈને પ્રવેશ આપવામાં આવ્યો હતો. જેથી કરીને કોઈ પણ ખેડૂતોને અન્યાય ન થાય અને સમયનો બચાવ થાય. આવક શરૂ થતા જ માર્કેટીંગ યાર્ડ - જૂનાગઢના આવક ગેટથી સક્કરબાગ સુધીના રોડ અને ત્યારબાદ સક્કરબાગ રોડથી દોલતપરા થઈને રિલાયન્સના પેટ્રોલ પંપ સુધી લાંબી કતાર થઈ હતી પરંતુ બે થી ત્રણ કલાકની અંદર તમામ વાહનોને માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢમાં પ્રવેશ કરી સુરક્ષિત રીતે માલ ઉતરાઈ થઈ ગઈ હતી. માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢના ચેરમેન કેવલભાઈ ચોવટીયા તેમજ વાઈસ ચેરમેન પ્રવીણભાઈ સોજીત્રા રાહબરી હેઠળ માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢના તમામ સ્ટાફ મિત્રોએ ખૂબ જ મહેનત કરીને આ કાર્યને પાર પાડ્યું હતું.

# બિલખાના ઉપસરપંચ સોયેબભાઈ ચોટલીયાનું શ્રેષ્ઠ કામગીરી બદલ સર્વોદય ગરબી મંડળ દ્વારા સન્માન



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા) બિલખા તા.૨૩

બિલખામાં હાલમાં મુસ્લીમ યુવાન સોયેબભાઈ ચોટલીયા ઉપસરપંચ તરીકે સેવા બજાવી રહ્યા છે. બિલખામાં સરપંચ તરીકે મહિલા સરપંચ શ્રીમતી ભાવનાબેન છાબલપરા ચુંટાયા છે પરંતુ હાલમાં હિન્દુઓના તહેવારોમાં લોકોને કોઈ જાતની અવગડતા ન પડે એટલા માટે ઉપસરપંચ સોયેબભાઈએ પોતાની આગવી અને કુનેહથી તમામ પ્રશ્નો હલ કરી લોકોના દિલ જીતી લીધા છે. હાલમાં ચાલી રહેલ નવરાત્રી મહોત્સવમાં તમામ ગરબી મંડળોને પડતી હાલાકી ઉપસરપંચ સોયેબભાઈએ હલ કરી દેતા બિલખાના નાગ્રેચા વાડી વિસ્તારમાં આવેલ શ્રી સર્વોદય યુવક ગરબી મંડળ દ્વારા તેમની કામગીરીને બિરદાવી સાલ ઓઢાડી ભવ્ય સન્માન કરવામાં આવેલ હતું.

# જલારામ મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

જૂનાગઢ તા. ૨૩

પૂ. જલારામ બાપા તથા પ.પૂ. વીરબાઈમાંના દિવ્ય મંદિરનું ભૂમિપૂજન/ખાત મુર્હુત કાર્યક્રમ તથા જલારામની દિવ્ય સત્સંગ કથાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તા. ૨૬-૧૦-૨૩ ગુરૂવારે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન, પોસ્ટ ઓફીસ રોડ પરનું જલારામ મંદિર પટાંગણ આદર્શ લોહાણા યુવક મંડળ સ્થાપિત જલારામ સેવા ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા ખાતમુર્હુત કરાશે. આ ઉપરાંત જલારામ બાપાની દિવ્ય સત્સંગ કથા કાર્યક્રમ તા. ૨૬-૧૦-૨૩ થી તા. ૧-૧૧-૨૩ સાત દિવસ દરરોજ સાંજે ૪ થી ૭ આયોજન કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્રનાં પ્રખર વૈષ્ણવ ભાગવતાચાર્ય સારસ્વત ગુરૂ શાસ્ત્રી કેતનભાઈ પેરાણી તથા શાસ્ત્રી આનંદભાઈ પેરાણી માળીયા હાટીનાવાળા પોતાની દિવ્ય વાણીમાં પૂ. જલારામ બાપા તથા માતુશ્રી વીરબાઈનાં ભકિતસભર ગુણગાન ગાઈને દિવ્ય સત્સંગનાં દર્શન કરાવશે. આ કથાના આયોજક તરીકે માતુશ્રી વીરબાઈમાં મહિલા મંડળ જૂનાગઢ રહયા છે. ઉપરોકત બંને ધાર્મિક કાર્યક્રમમાં સર્વે રઘુવંશી પરીવારજનોને તથા સર્વ જ્ઞાતીયજનોને પધારવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવાયું છે.

# સત્યમ સેવા યુવક મંડળ દ્વારા પ્રાચીન ગરબી મંડળની બાળાને પ્રસાદ








(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા જૂનાગઢની પ્રાચીન ગરબી મંડળની ૨૦૦૦ બાળાઓને ભોજન તેમજ કીટ વિતરણ કરેલ તેમજ કિન્નર સમાજના માતાજી તેમજ પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને ગરબા લેવડાવેલ હતા. તા.૨૧-૧૦-૨૦૨૩ના રોજ સત્યમ સેવા યુવક મંડળ-જૂનાગઢ દ્વારા મયારામ દાસજી આશ્રમ ખાતે કિન્નર સમાજ (માં બંહુચર ના આરાધક) તથા પ્રજ્ઞાચક્ષુ દીકરીઓના રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. તેમજ જૂનાગઢની પ્રાચીન ગરબીની ૨૦૦૦ જેટલી બાળાઓને પ્રસાદી રૂપે ભોજન કરાવવામાં આવેલ, તેમજ કટલેરીની કીટ પણ આપવામાં આવેલ હતી. જેમાં કિન્નર સમાજ ના માતાજીનો ગ્રુપ રાસ આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. તેમજ પ્રજ્ઞાચક્ષુ સંચાલિત અંધ કન્યા છાત્રાલયની દીકરીઓનો રાસ રમાડવામાં આવેલ હતો. કિન્નર સમાજના નીલુ માસી તથા શારદામાસી તેમજ કિન્નર સમાજ દ્વારા બહુચર માતાજીના છંદ સાથે અંધ દિકરીઓ સાથે ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. બાળાઓને ૧૧ જેટલી કટલેરીની વસ્તુ તથા કિન્નર સમાજના દરેક વ્યક્તિને સાડી, બ્લાઉઝ તથા ચણીયો (બે જોડી) તથા બ્લેક્રેટ, દિવાલ ઘડિયાળ, કટલેરી કીટ, રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, અલ્પેશભાઈ પરમાર, શાંતાબેન બેશ, કમલેશભાઈ પંડ્યા, દેવીદાસભાઈ નેણસાણી, પ્રવીણભાઈ જોશી, કે.એસ. પરમાર, ચંપકભાઈ જેઠવા, કૈલાશપુરી ગોસાઈ, મુળુભાઈ જોગલ, પરેશભાઈ બાટવીયા, મનોજભાઈ સાવલિયા વિગેરેએ કાર્યક્રમને સફળ બનાવેલ હતો. શ્રી મયારામ દાસજી આશ્રમ આ સેવા યજ્ઞમાં વિનામૂલ્યે આપવામાં આવેલ હતો.

# જૂનાગઢ જોશીપુરા ખાતે આવેલ "ખોડલ ફાર્મ"માં શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ દ્વારા આયોજીત શ્રી શ્રીબાઈ નવરાત્રી મહોત્સવમાં ઉભરાયેલું માનવ મહેરામણ

(પ્રતિનિધિ દ્વારા)







જૂનાગઢ તા.૨૩

શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ જૂનાગઢ દ્વારા આયોજિત જોશીપુરા, ખલીપુર રોડ, ખોડલ ફાર્મ ખાતે નવરાત્રી મહોત્સવ ૨૦૨૩ નવમાં વર્ષના આયોજનના અધ્યક્ષ વિનુભાઈ ચાંડેગરાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, આ વર્ષે મનિષભાઈ કોરીયાનિ ટીમ ધ્વનિ ઓરકેસ્ટ્રાના સિંગર અને રિધમના સથવારે અધતલ સાઉન્ડ સિસ્ટમ સાથે લાઈવ ઓરકેસ્ટ્રામાં ખેલૈયાઓ મન મૂકીને જુમી શકે એ માટે વિશાળ ગ્રીન લોન સાથે મેદાનમાં પૂરતી બેઠક, સેલ્ફી પોઈન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. નવરાત્રી મહોત્સવમાં જૂનાગઢ શહેર તથા બહારગામથી આવતા શ્રી સો.પ્ર. સમાજના જ્ઞાતિરત્નો, જ્ઞાતિ અગ્રણીઓ, જ્ઞાતિ ભામાશાહોઓ, જ્ઞાતિ મંડળના પ્રમુખોઓ, મંત્રીઓ, કાર્યકરઓ, જ્ઞાતિજનો, ડોકટરઓ, પોલીસ કર્મચારીઓ, શિક્ષકગણઓ, રેવન્યુ વિભાગના કર્મચારીગણઓ, જીઈબી કર્મચારીગણઓ, વકીલઓ, પત્રકારઓ, નિવૃત ફોજી ભાઈઓ, વિવિધ ખાતાના કર્મચારીગણશ્રીઓ સહિતનાઓનું પુષ્પગુચ્છ આપી અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ હતું. જ્ઞાતિજનોને નિઃશુલ્ક પ્રવેશ અને ખેલૈયાઓ સહિત ઉપસ્થિત તમામ લોકોને રોજ રાત્રે નિશુલ્ક નાસ્તોની સાથે આરોગ્ય લક્ષી સેવા, કાયદાકીય સેવા, સરકારશ્રી દ્વારા ચાલતી વિવિધ યોજનાઓની માહિતી અને સ્થળ ઉપર પ્રાથમિક સારવાર કેન્દ્રમાં અત્યાર સુધીમાં ૨૪ જેટલા લોકોને સારવાર આપવામાં આવેલ હતી. શ્રી શ્રીબાઈ નવરાત્રી મહોત્સવમાં શ્રી શ્રીબાઈ માતાજીનું આબેહૂબ પાત્ર ધાર્મિ બુહેચાએ કરેલ હતું. ઉપસ્થિત તમામ મહેમાનોએ માતાજીની સમૂહ આરતીનો લાભ લીધેલ હતો. આ નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા માટે વિવિધ સમિતિઓ રચવામાં આવી જેમાં સલાહકાર સમિતિમાં પી.એ. ટાંક, અતુલભાઈ વિસાવાડીયા, હરસુખભાઈ ચાંડેગરા, વાલજીભાઈ જેઠવા, ગોવિંદભાઈ વેગડ આરતી વિભાગમાં ભાવેશભાઈ વેગડ, નિલેશભાઈ ચાંડેગરા, અશોકભાઈ ચાંડેગરા લોગા કાઉન્ટરમાં રાજભાઈ દેવળીયા, પિયુષભાઈ ટાંક ગ્રાઉન્ડ સમિતિમાં રસિકભાઈ નેના, જશનભાઈ ચાંડેગરા, હરેશભાઈ જેઠવા, વિપુલભાઈ ગાધેર, મહેન્દ્રભાઈ ભરડવા, મોહનભાઈ નેના, વિપુલભાઈ માળવીયા બેઠક વ્યવસ્થામાં રમેશભાઈ કોરીયા, નિલેશભાઈ ચાંડેગરા, જતીનભાઈ કુકડીયા, નિલેશભાઈ માળવીયા, દીપકભાઈ છાયા, સુરેશભાઈ ટાંક શીલ્ડ વ્યવસ્થામાં રાકેશભાઈ ગાધેર, લલીતભાઈ ચાંડેગરા, કેતનભાઈ નેના ફાળા સમિતિમાં ભાર્ગવભાઈ વેગડ, સુરેશભાઈ કોરિયા, જયસુખભાઈ જાદવ ગેટ સમિતિ અને રસોડા વિભાગમાં જેન્તીભાઈ વાઢેર, પ્રવીણભાઈ કોરિયા, રાજુભાઈ જાદવ, હિતેશભાઈ ચાંડેગરા, રાજુભાઈ નેના, ભરતભાઈ ડાભી, બાબુભાઈ વડુકુળ, જીગ્નેશભાઈ ધોકીયા, ધર્મેશભાઈ પાણખાણીયા, પ્રશાંતભાઈ કોરિયા, ભાવેશભાઈ વાઢેર પાર્કિંગ વ્યવસ્થામાં રાહુલભાઈ રાવત, સુરેશભાઈ ટાંક ફોટોગ્રાફી સમીતીમા આશિષભાઈ કોરિયા એલાઉન્સિંગ વિભાગમાં સંદીપભાઈ રાઠોડ, હિસાબનીશ સમીતીમા ભરતભાઈ જાદવ અને પ્રાથમિક સારવાર કેન્દ્રમાં ડો. પરેશભાઈ ચાંડેગરા, ડો. અર્ચિત ભરડવા સમગ્ર કાર્યક્રમનુ માઈક્રો પ્લાનિંગથી ટીમ વર્ક બનાવી સંચાલન કરતા ભગવાનજીભાઈ વાળા, લલીત વરૂ, ભાવેશભાઈ ખોલીયા, સંજયભાઈ બુહેચા, રવિભાઈ ભરડવા સહિતના લોકોએ ભારે જેહેમત ઉઠાવી હતી. તેમ યાદીના અંતે વિનુભાઈ ચાંડેગરાએ જણાવેલ હતું.

# ગિરનાર ઉપર યોગનો યોજાયો કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩





ગિરનારની ટોચ ઉપર અંબાજી માતાજીના મંદિર પાસે ઉષા બ્રેકો કંપની એ બનાવેલ યોગ કક્ષમાં બહારગામ સાંગલી(મહારાષ્ટ્ર)થી આવેલ ગૃપ સાથે યોગ અંગે માહિતી આપ્યા બાદ ૩૦ સભ્યોએ યોગ પણ કર્યા હતા. હાલમાં ઉડનખટોલા-રોપવેમાં ઊપરની જગ્યાએ યોગ શિબિર ચાલે છે. ઉષાબ્રેકો કંપનીને મારી યોગ શિબિરમાં ખૂબ જ રસ પડ્યો. પંદર દિવસ નીચેના હોલમાં યોગ શિબિર કરેલ હતી. હાલમાં અંબાજીના મંદિર પાસેજ ખૂબ જ સરસ યોગ કક્ષમાં યોગ ચાલુજ છે. પંદર દિવસથી અમારો કાર્યક્રમ સાત-આઠ યોગ ટ્રેઈનરોને નીચેથી રોજેરોજ ઉપર લઈ જાવ છું. મુસાફરોમાં યોગ પ્રત્યે જાગૃતિ આવે અને યોગનો ખૂબ જ પચાર-પ્રસાર થાય એ માટેજ ખૂબ કોશિષ કરીએ છીએ. રોપવે કંપનીને પણ યોગના ક્લાસમાં ખૂબ જ રસ છે તેથી જ અમને રોજેરોજ ઉપર લઈ જાય છે. રોજેરોજ નવાનવા મુસાફરોને આમંત્રિત કરીએ છીએ અને યોગમાં જોડવાની કોશિષ કરીએ છીએ તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢના માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલી પેઢીમાંથી ૧ લાખની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢના ઝાંઝરડા રોડ, સ્વપ્ન સૃષ્ટી એપાર્ટમેન્ટ પાછળ, શિવકૃપા ડુપ્લેક્ષ ખાતે રહેતા મંદિપભાઈ મહેન્દ્રભાઈ રાયચુરા(ઉ.વ.૩૪)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીની પેઢીમાં ફરિયાદીના પિતાજી પેઢીમાં હાજર હોય અને બાથરૂમ ગયેલ હોય તે દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સે પેઢીમાં પ્રવેશ કરી પેઢીના કબાટમાં રાખેલ ૨,૫૦,૦૦૦ પૈકી રૂા.૫૦૦ની નોટના બે બંડલ મળી કુલ એક લાખની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં ગેસનો બાટલો, મોબાઈલ ફોનની થયેલ ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢમાં અજીદમહમદ મેમણ કોલોની પાસે, ઘાંચીપટ, સરદારબાગ પાછળ રહેતા મોહસીનભાઈ સીદીકભાઈ શેખએ શબ્બીર ઉર્ફે ગભરૂ સુલેમાન હાલા રહે.અજીદમહમદ મેમણ કોલોની, બ્લોક નં-જી/૧૨ વાળા વિરૂધ્ધ શંકા દર્શાવતી નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ સાહેદનો રાંધણગેસ ઈન્ડીયન કંપનીના ગેસનો ખાલી બાટલો કિ.રૂા.૩૦૦૦ની ઘરની બહારથી ચોરી કરી લઈ ગયેલની ફરિયાદીને શંકા હોય તેમજ ફરિયાદીના મમ્મી મેમુદાબેન સીદીકભાઈ શેખ વાળાનો સેમસંગ કંપનીનો સાદો મોબાઈલ ફોન કિ.રૂા.૨૦૦૦નો જુના આઈએમઈઆઈ નં.૩૫૭૮૩૪ ૨૩૮૪ ૦૨૦૬૦ તથા મો.નં.૯૯૭૯૧ ૬૧૧૧૭ વાળો કે જે સાહેદના ઘરની બારી ઉપર રાખેલ ત્યાંથી આરોપી ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નવરાત્રી પર્વે માતૃશક્તિને વંદન





માતૃ દેવો ભવ : ! પિતૃદેવો ભવ : ! સૌ પ્રથમ માતૃશક્તિને વંદન કરવામાં આવે છે. અખિલ બ્રહ્માંડના સર્જનહારે માતાને માતૃત્વ ધારણ કરવાની વિશેષ શક્તિ આપી છે. માતા એ મમતા, પ્રેમ, સમર્પણની મૂર્તિ હોય છે. ભારતીય સંસ્કૃતિમાં નવરાત્રી, દિપાવલી એ લક્ષ્મી પૂજા, બંગાળમાં દુર્ગા પૂજા, તુલસી વિવાહ ધામધૂમથીથી તથા ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે. તે ઉપરાંત રાધા અષ્ટમી, સીતાજયંતી સીતા (સીતાનવમી) તથા ભાદરવા સુદ પૂનમના દિવસે મા અંબાના પ્રાગટ્ય દિવસની ભક્તિ ભાવસભર ઉજવણી કરવામાં આવે છે. માતાજીના પાર્વતી, અંબિકા, ઉમાદેવી એ સૌમ્ય સ્વરૂપ છે. સૌમ્ય સ્વરૂપમાં માતાજીનું મુખારવિંદ હસતું અને શાંત સ્વરૂપે હોય છે. જ્યારે દુર્ગામાતા, ચંડીકામાતા, કાલીકામાતા એ રૌદ્ર સ્વરૂપ છે. સમાજમાં સાત્વિક તથા ભગવદ્ભક્તોને ભયમુક્ત કરવા તથા અધર્મી એવં વિધર્મીનો નાશ કરવા માટે રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને અસરોનો સંહાર કરે છે. જ્યારે જ્ઞાનના સરસ્વતી દેવી પાસે વીણા, માળા તથા શાસ્ત્ર હોય છે. લક્ષ્મીજીના બે હાથમાં કમળના ફૂલ, માળા, ધન, તથા આશીર્વાદ આપતા હોય તેવી મુદ્રા હોય છે. ભારતમાં માતાજીની ૫૧ શક્તિપીઠ આવેલી છે. તથા ૧૦૮ દેવીપીઠ આવેલી છે. ભારતમાં આપણે સૌ જન્મદાત્રી માતા, ધરતી માતા, નદી માતા, ગાય માતા અને ગાયત્રી માતાની પૂજા તથા ભક્તિ વિશેષ કરીએ છીએ. ભારતમાં ગંગા મૈયા, યમુના મૈયા, નર્મદા મૈયા તથા સરયુ મૈયાના નદી કિનારે નિત્ય આરતી અને પૂજા પાઠ થાય છે. ગાયત્રી મંત્રના નિત્ય જાપ કરવાથી ખૂબ લાભ થાય છે. આપણે આપણા રાષ્ટ્રને પણ ભારત માતાનો દરજ્જો આપ્યો છે. ૧૯મી સદીમાં આઝાદીના આંદોલન દરમિયાન અખંડ ભારત માતાને નકશા ઉપર માતાજી સાથે ત્રિશુલ તથા સિંહના સંગાથે બતાવવામાં આવ્યા હતા. જેથી પ્રજામાં રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ ભાવના જાગે. એમ કહેવાય છે કે, પ્રાચીન સમયમાં રોમન સામ્રાજ્યે પોતાના રાષ્ટ્રને માતાની ઉપમા આપી હતી. સૌપ્રથમ પૂજનીય દેવ તથા ગણનાયક શ્રી ગણેશજીએ પણ માતા - પિતાની વંદના કરી હતી. તેમણે શિવ પાર્વતીજીની પ્રદક્ષિણા કરીને વિજેતા બન્યા હતા. તમામ લોકોને માતા-પિતાની સેવા કરવાનો સંદેશ આપ્યો હતો. માતૃશક્તિના વંદનને પ્રાધાન્યતા આપતા પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ પણ તત્કાલીન સમયમાં ગુજરાત રાજ્યના પાદરા તાલુકાના રણુ ગામે નિજ મંદિરમાં માં તુલજા ભવાની માતાની આરતી ઉતારીને સમાજને માતૃશક્તિની સાચા અર્થમાં પ્રતિષ્ઠા જાળવવાની પ્રેરણા પુરી પાડી હતી.

- શાસ્ત્રી જયસ્વરુપદાસ, ગુરૂકુલ, અંકલેશ્વર

# જૂનાગઢમાં બ્રહ્માકુમારી વિદ્યાલય દ્વારા ચૈતન્ય દેવીઓની ઝાંખીના દર્શન





જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં બ્રહ્માકુમારી વિદ્યાલય દ્વારા નવરાત્રી દરમ્યાન તા.૨૦ થી ૨૨ ઓકટોબર દરમ્યાન રાત્રીના ૯ થી ૧૧:૩૦ સુધી ચૈતન્ય દેવીઓની ઝાંખીના દર્શનનું આયોજન કરવામાં આવેલું હતું. એજી સ્કૂલના મેદાનમાં યોજાયેલા આ કાર્યક્રમાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

# રિલાયન્સ ગૃપના અનંત અંબાણીએ દ્વારકાધીશને શીશ ઝુકાવ્યું



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૩ : રિલાયન્સ ગ્રુપના પ્રેસિડેન્ટ મુકેશ અંબાણીના પુત્ર તથા દ્વારકાધીશના પરમ ભક્ત અનંત અંબાણીએ સાંજે ઠાકોરજીના ઉત્થાપન સમયે દ્વારકાધીશ જગતમંદિરે કાળિયા ઠાકોરને શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. તેમની સાથે તેમના ગોર કપીલભાઈ વિગેરે સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ નિમિત્તે તા.૨૭મી ઓકટોબરે આયુષ મેળો યોજાશે

## આયુર્વેદ અને હોમીયોપેથીના નિષ્ણાંતો દ્વારા વિનામુલ્યે સર્વ રોગ નિદાન કેમ્પ અને દવા વિતરણ કરવામાં આવશે

જૂનાગઢ, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૦૧૪થી આયુષ્માન ભારત, સ્વસ્થ ભારત, શ્રેષ્ઠ ભારતના સૂત્ર સાથે સ્વતંત્ર આયુષ મંત્રાલય (આયુર્વેદ, યોગ, યુનાની, સિદ્ધ, હોમીયોપેથી)ની રચના કરવામાં આવી છે, અને દર વર્ષે આયુર્વેદ ના પ્રવર્તક ભગવાન ધન્વંતરી ના પ્રાગટ્ય દિનને "રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ" તરીકે ઉજવવામાં આવી રહેલ છે. જે અન્વયે આગામી તા.૧૧ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ આઠમા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા લોકોની સુખાકારી વધે અને આયુર્વેદ - યોગ - હોમીયોપથી જેવી સારવાર પ્રત્યે વધુ ને વધુ જનજાગૃતિ ફેલાય તે માટે આયુષ મેળા નું આયોજન કરવામાં આવેલ છે. આયુષની વિવિધ સારવાર પદ્ધતિઓ દ્વારા લોકોને સ્વાસ્થ્ય લાભ મળે, સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવાય, અને સ્વસ્થ તથા શક્તિશાળી સમાજનું નિર્માણ થાય તેવી સરકારની ભાવના ચરિતાર્થ કરવા માટે સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય અને હોસ્પિટલ - જૂનાગઢ અને જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી, જૂનાગઢ દ્વારા આગામી તા.૨૭ ઓકટોબર, ૨૦૨૩ અને શુક્રવાર ના સવારે ૧૦-૦૦ થી ૪-૦૦ સુધીશ્રી ભૂતનાથ મહાદેવ મંદિર, જૂનાગઢ ખાતે ભવ્ય આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આયુર્વેદ અને હોમીયોપથીના નિષ્ણાંતો દ્વારા વિનામુલ્યે સર્વ રોગ નિદાન કેમ્પ અને દવા વિતરણ કરવામાં આવશે. ઉપરાંત, નાડી ચિકિત્સા, સ્વસ્થ જીવનશૈલી વિષય પર વિવિધ પ્રદર્શનો, યોગ નિદર્શન, સુવર્ણપ્રાશન, પંચકર્મ, અગ્નિકર્મ, આરોગ્ય માર્ગદર્શન વગેરે આપવામાં આવશે. રોજીંદા આહાર વિહાર, રસોડા અને આસપાસની ઔષધિઓ, દિનચર્યા, ઋતુચર્યા, ઉપરાંત પ્રાકૃતિક ખેતી, આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ વિગેરે વિષયો પર લોકોને માહિતી મળે તે હેતુસર પ્રદર્શનીનું પણ આયોજન કરવામાં આવેલ છે.ભારત સરકારના પ્રયત્નોની વર્ષ ૨૦૨૩ને સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મીલેટ યર તરીકે ઉજવાઈ રહેલ હોઇ, તેના ભાગ રૂપે "મીલેટ (શ્રી ધાન્ય) વાનગી સ્પર્ધા" નું પણ આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં કોઈ પણ વ્યક્તિ રજીસ્ટ્રેશન કરીને ભાગ લઈ શકે છે. તમામ ઉમર અને વર્ગના લોકો આયુષ મેળા માં નિદાન - સારવાર, પ્રદર્શનીનો લાભ લે તે માટે જૂનાગઢ જિલ્લાના સમગ્ર આયુષ તંત્ર દ્વારા જાહેર અપીલ કરવામાં આવેલ છે.

# જૂનાગઢ શહેરના અનેક વિસ્તારોમાં પીજીવીસીએલના વ્યાપક દરોડા

જૂનાગઢ, તા.૨૩

પીજીવીસીએલને કરોડોનો ચૂનો લગાવતા વીજચોરો સામે વીજતંત્રે હવે લાલ આંખ કરી છે અને વિવિધ વર્તુળ કચેરીઓના અધિક્ષક ઈજનેરો તેમજ વિભાગીય કચેરીઓના કાર્યપાલક ઈજનેરોની સીધી દેખરેખ હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારો-જિલ્લાઓમાં ઈજનેરોની સંખ્યાબંધ ટુકડીઓ દ્વારા સામૂહિક વીજચેકિંગ ડ્રાઈવનું આયોજન કરીને આવા તત્વોને સબક શીખવવામાં આવે છે.

તા.૨૧-૧૦-૨૦૨૩ના રોજ આવી જ ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને જૂનાગઢ જિલ્લાની શહેર વિભાગીય કચેરી હેઠળની ગાંધીગ્રામ, સેટેલાઇટ, જીઆઈડીસી પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા અન્ય સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૩૧ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક તેમજ વાણિજ્યિક મળીને કુલ ૩૭૫ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૭૩ વીજ જોડાણોમાં જુદા જુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૨૨.૪ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. આ રીતે તા. ૧૬.૧૦.૨૦૨૩થી તા.૨૧-૧૦-૨૦૨૩ ના સપ્તાહમાં ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને જૂનાગઢ તેમજ ગીર સોમનાથ જિલ્લાના વિસાવદર, ભેસાણ, જૂનાગઢ, વંથલી, માણાવદર, મેંદરડા, વેરાવળ, સુત્રાપાડા અને તાલાળા હેઠળની પેટા વિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા અન્ય સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૨૪૧૮ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૪૧૬ વીજ જોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૧૦૫.૮૫ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા.નોંધનીય છે કે એપ્રિલ-૨૩થી સપ્ટેમ્બર-૨૩ ના સમયગાળા દરમ્યાન જૂનાગઢ વર્તુળ કચેરી હેઠળ કુલ ૧૮૭૬૧ વીજજોડાણો ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ ૩૭૬૦ વીજજોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂા.૬૫૮.૯૦ લાખની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે.

# જૂનાગઢ જીલ્લાના જનપ્રતિનિધિઓએ રજૂ કરેલા પ્રશ્નોના હકારાત્મક નિવારણ માટે પરામર્શ કરાયો

## અધિક નિવાસી કલેકટર પી. જી. પટેલનાં અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ



જૂનાગઢ તા.૨૩

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં જૂનાગઢ જિલ્લાનાં જનપ્રતિનિધિઓએ રજૂ કરેલા પ્રશ્નોના સકારાત્મક નિવારણ માટે જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. આ સાથે પ્રજાકીય પ્રશ્નોના સમયમર્યાદામાં ઉકેલ આવે તે માટે સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કલેકટર કચેરી ખાતે અધિક નિવાસી કલેકટર પી.જી. પટેલની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગઠિયા અને અરવિંદભાઈ લાડાણી ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે પોતાના વિસ્તારના વિકાસના કામો, સિંચાઈ, દબાણ, જમીન ધોવાણ, વીજળી, ભારે વરસાદથી નુકસાની વગેરે બાબતોના પ્રજાકીય પ્રશ્નો રજૂ કર્યા હતા. આ રજૂ થયેલા પ્રશ્નોના સંદર્ભમાં સંબંધિત અધિકારીઓએ ઉત્તર રજૂ કર્યા હતા. સાથે જ આ પ્રશ્નોના ઉકેલ માટે જરૂરી વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી જરૂરી સંકલન સાથે પ્રજાકીય પ્રશ્નોના સકારાત્મક નિવારણ માટે જરૂરી સૂચનાઓ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, જિલ્લાના સર્વે પ્રાંત અધિકારી અને સંકલન સમિતિના સભ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# જૂનાગઢ : રૂા. ૩ લાખકની કીંમતના સામાનનું પર્સ ખોવાતા નેત્રમ શાખા દ્વારા શોધી અપાયું

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

અરજદાર રંભીબેન કાળુભાઈ મોઢવાડીયા પોરબંદરના વતની હોય અને જૂનાગઢ તેમના પિયર આવેલ હોય, રંભીબેન ઝાંઝરડા રોડથી તળાવ ગેટ જવા માટે ઓટો રીક્ષામાં બેઠેલ, ઓટો રીક્ષામાંથી ઉતર્યા બાદ તેમને માલુમ થયેલ કે તેમની સાથે રાખેલ પર્સ કે જે પર્સમાં તેમની જીંદગીભરની પાઈ પાઈની કમાણીની બચતથી લીધેલ ૪૦ ગ્રામ સોનાનું મંગળસુત્ર કે જેની કિં.રૂ. ૨,૭૦,૦૦૦/- જેટલી હોય તથા SAMSUNG કંપનીનો M13 મોબાઈલ ફોન કિં.રૂા.૧૦,૦૦૦/- તેમજ રોકડ રૂપિયા તથા અન્ય કિંમતી ડોક્યુમેન્ટસ એમ કુલ ૩,૦૦,૦૦૦/- જેટલી કિંમતના સહિતના સામાનનું પર્સ ઓટો રીક્ષામાં ભુલી ગયેલ. રંભીબેને તે ઓટોરિક્ષા શોધવાનો પ્રયત્ન કરેલ પરંતુ મળી આવેલ નહિ જેથી તેઓ વ્યથિત થઈ ગયેલ આ બાબતની જાણ જીલ્લાના નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઇ. પી.એચ.મશરૂને જાણ કરતા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

જૂનાગઢ હેડ કવા. ડી.વાય.એસ.પી. એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઇ પી.એચ.મશરૂ, પો.કોન્સ. દેવેનભાઇ સિંધવ, હરસુખભાઈ સિસોદીયા, તરૂણભાઈ ડાંગર, એન્જીનીયર મસઉદ અલીખાન પઠાણ સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી રંભીબેન મોઢવાડીયા જે સ્થળે ઓટો રીક્ષામાંથી ઉતરેલ તે સ્થળના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસી ટીવી ફૂટેજ ચેક કરી ઓટો રીક્ષાના નંબર GJ ૦૬ AW ૨૦૯૯ શોધેલ. સીસી ટીવી કેમેરા દ્વારા રીક્ષાનો સમગ્ર રૂટ ચેક કરતા જાણવા મળેલ કે રંભીબેનની સાથે બેઠેલ પેસેન્જર જે આઝાદ ચોક પાસે ઓટો રિક્ષામાંથી ઉતરીને ભૂલથી રંભીબેનનું પર્સ લઈને જતા જોવા મળેલ જે આધારે નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા રૂબરૂ જઇ પોલીસની ભાષામાં પુછપરછ કરતા પર્સ તેમની પાસે હોવાનું જણાવેલ. આમ, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ગણતરીની કલાકોમાં ૪૦ ગ્રામ સોનાનું મંગળસુત્ર તથા ૨ મોબાઈલ ફોન તેમજ રોકડ રૂપિયા સહીતના કુલ રૂા. ૩,૦૦,૦૦૦ની કીંમતનું પર્સ શોધી અને રંભીબેન કાળુભાઈ મોઢવાડીયાને પરત આપેલ.




નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ૪૦ ગ્રામ સોનાના દાગીના સહીતનુ કુલ રૂા. ૩,૦૦,૦૦૦ની કીંમતનું પર્સ શોધી અને રંભીબેન કાળુભાઈ મોઢવાડીયાને ગણતરીની કલાકોમાં સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સવેંદનપૂર્ણ કાર્યવાહીથી રંભીબેન કાળુભાઈ મોઢવાડીયા પ્રભાવિત થયેલ અને તેમણે જણાવેલ કે આટલી કીંમતી વસ્તુ પાછી મળશે તેવી તેમણે આશા છોડી દીધેલ અને ભાવુક થઈ ગયેલ અને પોલીસ અધીક્ષક હર્ષદ મહેતાને રૂબરૂ મળી આભાર વ્યક્ત કરેલ હતો.

નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા રંભીબેન કાળુભાઈ મોઢવાડીયાનું ૪૦ ગ્રામ સોનાના દાગીના સહીતનુ કુલ રૂા.૩,૦૦,૦૦૦ની કીંમતનું પર્સ ગણતરીની કલાકોમાં સહી સલામત પરત અપાવતા અને સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને ફરીવાર સાર્થક કરવા બદલ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા દ્વારા નેત્રમ શાખાના પી.એસ.આઈ. પી.એચ. મશરૂ અને નેત્રમ શાખાની સમગ્ર પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા.

## દશેરાનું મહત્વ

આસો માસની નવલી નવરાત્રિના નવ દિવસ પછીથી જે દસમો દિવસ આવે છે એને દશેરા તરીકે ઓળખવામાં આવે છે. દશેરાનો સાચો અર્થ માઠી દશા હરનાર એવો થાય છે. દશેરાનો ખરો અને સાચો ઉચ્ચાર દશહરા છે, પરંતુ કાળક્રમે અપભ્રંશ થઈને દશેરા શબ્દ બની ગયો છે. નવરાત્રિનાં નવ દિવસ મોડી રાત સુધી જાગીને રાસ ગરબા ખેલીને થાકેલા ખેલૈયાઓ દશેરાના દિવસે આરામ ફરમાવી આનંદ પ્રમોદ કરે છે. દશેરાને વિજયાદશમી તરીકે પણ ઓળખવામાં આવે છે. લંકામાં શ્રી રામ અને રાવણનું મહા યુદ્ધ સતતં નવ દિવસ સુધી ચાલ્યું હતું અને દશમા દિવસે રામે રાવણના રામ રમાડી દીધા હતા, તેથી આ પર્વને વિજયાદશમી તરીકે ઉજવવામાં આવે છે. વિજયાદશમી એ આસુરી શક્તિ તથા અસત્ય ઉપર સત્યના વિજયનું પ્રતીક છે. અહંકારી દુષ્ટ રાવણનો શ્રી રામચંદ્રે વધ કર્યો અને લંકા ઉપર જે વિજય પતાકા ફરકાવી અને સમગ્ર વાનર સેનાએ જે હર્ષોલ્લાસ મનાવ્યો તેને વિજયાદશમી કહેવામાં આવે છે.

દશેરાને બહુ પવિત્ર દિવસ માનવામાં આવે છે. દશેરાના દિવસે લોકો નવી પેઢી કે દુકાનનું ઉદઘાટન કે શુભારંભ કરે છે. અમુક વ્યક્તિઓ પોતાના વાહનો તથા પશુધનને ફૂલહાર ચઢાવી શણગારે છે તો ક્ષત્રિયો પોતાના અસ્ત્ર શસ્ત્રની પૂજા કરે છે. ઔધોગિક કામદારો કારખાના કે ફેક્ટરીમાં મશીનોની સાફ સફાઈ તથા પૂજા અર્ચના કરે છે. દશેરાના દિવસે ગલગોટાના ફૂલથી પૂજા કરવાનું વિશેષ મહત્વ છે.દશેરાના દિવસે સમી વૃક્ષનું પૂજન કરવામાં આવે છે. એવુ કહેવાય છે કે પાંડવોએ બાર વર્ષના વનવાસ પછી તેરમા વર્ષે અજ્ઞાતવાસ વિતાવતાં પહેલાં, પોતાનાં દિવ્ય અસ્ત્ર શસ્ત્ર આ સમી વૃક્ષ પર છુપાવ્યા હતાં અને અજ્ઞાતવાસ પૂરો કર્યા પછી દશેરાના શુભ દિવસે સમી વૃક્ષની વિધિવત પૂજા અર્ચના કરીને, તેમનાં દિવ્ય આયુધો પરત મેળવ્યાં હતાં.અને આ કારણે જ ઈતિહાસમાં સમી વૃક્ષનું મહાત્મ્ય અનોખી રીતે વણાઈ ગયું છે. રાજા રજવાડાના વખતમાં પણ દશેરાના દિવસે જાતજાતની હરિફાઈ, કલા કરતબ તથા નાચગાનના રંગારંગ કાર્યક્રમો યોજાતા હતાં અને રાજા મહારાજાઓની શાહી સવારી આખા નગરમાં ફરતી હતી અને રાજા મહારાજાઓ તરફથી ખિતાબ, ઈલ્કાબ તથા માન આકરામથી વિશેષ વ્યક્તિઓને નવાજવામાં આવતા હતાં તથા ગરીબ,પછાત અને જરૂરતમંદ વ્યક્તિઓને દાન દક્ષિણા, ભેટ સૌગાતો તથા મિઠાઈ વહેંચવામાં આવતી હતી. મોટા શહેરોમાં રાતે રાવણ દહન જેવા કાર્યક્રમો યોજાય છે. દશેરાના દિવસે લગભગ નાના મોટા દરેક નગરોમાં જલેબી ફાફડા ખાવાનો રિવાજ છે. ટૂંકમાં દશેરા એ આનંદ પ્રમોદ અને ખુશી મનાવવાનું પર્વ છે.

**- યોગેશભાઈ આર. જોશી (હાલોલ)**

# વેરાવળ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના નવા હોદેદારોની વરણી કરાઈ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

વેરાવળ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના નવા હોદેદારોની વરણી કરવામાં આવતા જેમાં પ્રમુખ સહીતના હોદેદારોની વરણી કરાયેલ જેને આવકારેલ હતા. વેરાવળ બ્રહ્મકુંડ મંદિર ખાતે નવા હોદેદારોની વરણીના અનુસંધાને મીટીંગ મળેલ જેમાં પેટા જ્ઞાતિના પ્રમુખો અને અગ્રણીઓ બ્હોળી સંખ્યામાં હાજર રહેલ હતા અને આગામી બે વર્ષ માટે પ્રમુખ તરીકે વલ્લભભાઈ મહેતા (નાખડા), મહામંત્રી ઉમેશભાઈ પંડયા, ઉપપ્રમુખ મહેશભાઈ ઉપાધ્યાય, પ્રફુલભાઈ પુરોહીત, સહમંત્રી પરેશભાઈ ભટ્ટ, ચંન્દ્રશેખરભાઈ પંડયા, મિલનભાઈ મહેતા, રમેશભાઈ ભટ્ટ, સંગઠન મંત્રી ભરતભાઈ જોષી, ભરતભાઈ દવે (ભાલકા), ઉલાસભાઈ પાઠક (પાટણ), હરેશભાઈ ધ્રાગડ, ખજાનચી જનકભાઈ પુરોહીત, સહખજાનચી કીર્તીભાઈ પુરોહીત, કારોબારીમાં પરેશભાઈ મહેતા (ઈન્દ્રોય), જગદીશભાઈ ભટ્ટ (આદ્રી), પ્રફુલભાઈ મહેતા (આદ્રી), નવનીતભાઈ મહેતા (સુપાસી), ભીખુભાઈ ભટ્ટ (દેદા), હિતેશભાઈ જોષી (મેઘપુર), ભરતભાઈ જોષી (નાવદ્રા), ભાનુશંકરભાઈ રાવલ (રામપરા), કુમારભાઈ દવે, કપીલભાઈ ભટ્ટ, પરેશભાઈ વોરા, ભીખુભાઈ શર્મા, દિપકભાઈ જોષી, મનીશભાઈ જોષી, ભાનુભાઈ જોષી, રાજુભાઈ પુરોહીત, ભરતભાઈ ભટ્ટ, વિરેન્દ્રભાઈ ઉપાધ્યાય, હર્ષીલભાઈ રૂષી (પાટણ) સહીતનાની વરણી પ્રભારી દેવેન્દ્રભાઈ ઓઝા દ્વારા કરાયેલ જેઓને જીલ્લાના ઉપપ્રમુખ અશ્વીનભાઈ ઓઝા, દિગંતભાઈ દવે સહીતનાએ આવકારેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# વેરાવળ કસ્તુરબા મહિલા મંડળ સંસ્થા દ્વારા પ્લેટિનમ જયુબિલી ઉજવણી કરાઈ

## સંસ્થાનો પરિચય અને ભવિષ્યની યોજનાઓ વિશે માહિતિ આપતો પ્રકાશિત કરવામાં આવેલ સોવેનિયરનું વિમોચન કરાયું




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

વેરાવળમાં આવેલ કસ્તુરબા મહિલા મંડળ સંસ્થાને ૭૫ વર્ષ પૂર્ણ થતાં પ્લેટિનમ જયુબિ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કસ્તુરબા મહિલા મંડળ, મહિલા ઉત્કર્ષ ગૃહઉદ્યોગ કેન્દ્રને ૭૫ વર્ષ પૂર્ણ થતા સંસ્થા દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ તકે પાલિકાના પ્રમુખ પલ્લવીબેન જાની, એમ.પી.ઈ.ડી.એ.ના વાઈસ ચેરમેન જગદીશભાઈ ફોફંડી, નીતાબેન ફોફંડી, ઈન્ડિયન રેયોનના શ્રધ્ધાબેન મેહતા સહીતના ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાનો પરિચય અને સંસ્થાની ભવિષ્યની યોજના વિશે માહિતિ સોવેનિયર પ્રકાશિત કરવામાં આવેલ તેનું વિમોચન પલ્લવીબેન જાની ના હસ્તે કરવામાં આવેલ અને પ્લેટિનમ જયુબિલીના આ ઉત્સવની સાથે સંસ્થામાં મહિલાઓ દ્વારા ગૃહઉધોગમાં બનાવાતી ચીજવસ્તુઓના વેચાણ માટે નીતાબેન ફોફંડીના હસ્તે એરકંડિશ વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ ઉજવણી સમયે સંસ્થાના ટ્રસ્ટીઓ તથા કમિટી મેમ્બર્સ પણ હાજર રહ્યા હતા. મહિલા મંડળના સભ્ય બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સંસ્થાનો ઉદ્દેશ તેની શરૂઆતથી જ મહિલાઓને આર્થિક રીતે સક્ષમ કરવાનો તથ તેમને રોજગારી પૂરી પાડવાનો રહ્યો છે, અને તેથી જ સંસ્થા દ્વારા સિવણ વર્ગ પણ ચલાવવામાં આવે છે. સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલ વેચાણ કેન્દ્રમાં કુશળ બહેનો રોજગારી પૂરી પાડવાના હેતુથી તેમનાં દ્વારા બનાવેલાં વિવિધ અથાણાં, મસાલા, પાપડ વેફર તથા અન્ય નાસ્તાઓનું વેચાણ કરવામાં આવશે તથા સંસ્થા દ્વારા ચાલતા સિવણ વર્ગની બહેનો દ્વારા બનાવેલી ચીજવસ્તુઓનુ પણ વેચાણ કરવામાં આવશે.

સંસ્થાના મહિલા ઉત્કર્ષના હેતુને ધ્યાનમાં રાખીને વેંચાણ દ્વારા થતાં નફાનાં ૭૦ થી ૮૦ ટકા જેટલી રકમ કામ કરતી બહેનોને આપવામાં આવે છે. કસ્તુરબા મહિલા મંડળનો ઉદ્દેશ જ સ્ત્રીઓને તેમની કુશળતા અનુસાર કામ આપી તેમને સ્વનિર્ભર બનાવી રોજગારી પૂરી પાડવાનો રહ્યો છે અને તે જ હેતુથી ૭૫ વર્ષની ઉજવણીના સમયે આ એરકંડિશન વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હોવાનું ટ્રસ્ટી ભરતભાઈ શાહે એક યાદીમાં જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નિઠારીકાંડનું રહસ્ય બહાર આવી શકશે ખરૂ ?

આખા દેશને હચમચાવી દેનારા નોઇડાના નિઠારી કાંડમાં અલ્હાબાદ હાઇકોર્ટે જે રીતે બંને આરોપીઓ મોનિંદર સિંઘ પંઢેર અને સુરેન્દ્ર કોલીને છોડી મૂક્યા, તેનાથી લોકોનું હતપ્રભ થવું સ્વાભાવિક છે. હાઇકોર્ટના કહ્યા અનુસાર આ બંનેને પુરાવાના અભાવે છોડી મૂકવા પડે છે. તેની આ ટિપ્પણી એક રીતે ફરિયાદ પક્ષને કઠેરામાં ઊભા કરનારી છે. અલ્હાબાદ હાઇકોર્ટનો ચુકાદો એટલા માટે ચકિત કરનારો છે, કારણ કે ગાઝિયાબાદની સીબીઆઈ અદાલતે મોનિંદર સિંહ પંઢેર અને સુરેન્દ્ર કોલીને દોષીત ગણાવ્યા હતા અને તેમના અપરાધની ગંભીરતા જોતાં તેમને ફાંસીની સજા પણ ફટકારી હતી. ૨૦૦૬માં જ્યારે નોઇડાના નિઠારી ગામમાં એક નાળામાંથી ૧૯ છોકરીઓ અને મહિલાઓનાં કંકાલ મળ્યાં હતાં તો આખો દેશ હચમચી ગયો હતો. તેમાંથી ૧૭ની તો ઓળખ પણ થઈ ગઈ હતી. શરૂઆતી તપાસમાં જ શંકાના દાયરામાં આવ્યો હતો કારોબારી મોનિંદર સિંહ પંઢેર અને તેનો નોકર સુરેન્દ્ર કોલી. ઘટનાની ગંભીરતાને જોતાં તપાસ સીબીઆઈને સોંપવામાં આવી અને તેણે જોયું કે પંઢેરના ઘરે કામ કરનારો સુરેન્દ્ર કોલી છોકરીઓને ફોસલાવી-પટાવીને લાવતો હતો અને પછી તેની સાથે દુષ્કર્મ કર્યા બાદ તેની હત્યા કરી દેતો હતો. સીબીઆઇએ એ નિષ્કર્ષ પર પણ પહોંચી હતી કે આ જઘન્ય કામમાં પંઢેરની પણ ભાગીદારી રહેતી હતી. સીબીઆઈએ પોતાની તપાસમાં એ પણ દાવો કર્યો હતો કે કેટલીય છોકરીઓનાં કપડાં, જૂતાં-ચપ્પલ વગેરે પંઢેરના ઘરમાંથી જપ્ત કરવામાં આવ્યાં હતાં. નિઠારી કાંડમાં નોકર કોલીને ૧૨ કેસોમાં, જ્યારે માલિક પંઢેરને બે કેસોમાં મોતની સજા ફટકારવામાં આવી હતી.

અલ્હાબાદ હાઇકોર્ટના નિર્ણયથી એ જ સ્પષ્ટ સંકેત મળે છે કે તેને ન માત્ર સીબીઆઈના દાવામાં કોઈ દમ જણાયો, બલ્કે ગાઝિયાબાદની સીબીઆઈ અદાલતના નિષ્કર્ષ પણ એની કસોટી પર ખરા ન ઉતર્યા. પ્રશ્ન એ છે કે જો મોનિંદર સિંહ પંઢેર અને સુરેન્દ્ર કોલી નિર્દોષ છે તો પછી ૧૯ છોકરીઓ અને મહિલાઓને મારી કોણે? આ પ્રશ્નનો જવાબ તો મળવો જ જોઈએ, ભલે તેના માટે આ હૃદયદ્રાવક કેસની નવેસરથી તપાસ કેમ ન કરવી પડે. કેટલાક કેસોમાં આવું થઈ પણ ચૂક્યું છે, તેથી એ જરૂરી છે કે આ કેસની ગંભીરતાને જોતાં એ સુનિશ્ચિત કરવામાં આવે કે જે પણ દોષીત હોય, તેની ઓળખ કરીને તેને દંડના ભાગીદાર બનાવવા જોઈએ. તેનાથી જ તપાસ એજન્સીઓ અને ન્યાયિક તંત્ર પર જનતાની આસ્થા સચવાઈ રહેશે. એ ઠીક છે કે સીબીઆઈએ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવા પર વિચાર કરી રહી છે, પરંતુ આ કામ વહેલી તકે કરવું જોઈએ અને શીર્ષ અદાલતે પણ જેટલી જલ્દી સંભવ હોય, પોતાનો ચુકાદો આપવો જોઈએ. તેની સાથે જ એ કોયડો પણ ઉકલવો જોઈએ કે જ્યારે નિઠારી કાંડના જ એક કેસમાં સુરેન્દ્ર કોલીને મળેલી સજાને સુપ્રીમ કોર્ટે પણ યથાવત રાખી હોય, તો પછી તે અન્ય કેસોમાં નિર્દોષ કેવી રીતે હોઈ શકે? ન્યાયતંત્રની આ કેવી વિચિત્ર વાત કહેવાય? નિઠારીના આરોપીઓ છૂટી જવાથી એ ધારણાને પણ બળ મળ્યું છે કે પીડિતો ગરીબ છે તેથી તેમની સાથે ન્યાય ન થઈ શક્યો. પ્રશ્ન એ પણ છે કે નીચલી અદાલતે કયા આધારે બંનેને દોષીત માન્યા હતા, તે પણ એક જોવાની વાત છે. આખરે નિઠારી કાંડનું પૂરું સત્ય શું છે? શું એ સત્ય બહાર આવી શકશે?

# ગીર સોમનાથ જીલ્લાના દરીયામાં ગેરકાયદેસર માછીમારી કરતા ત્રણ બોટ માલીકો વિરૂધ્ધ એસ.ઓ.જી. પોલીસ દ્વારા કાર્યવાહી




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩


જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા દરીયામાં અનઅધિકૃત માછીમારી કરતા બોટ માલીકો વિરૂધ્ધ સખ્ત કાર્યવાહી કરવા આપેલ સુચના અનવ્યે એસ.ઓ.જી. ઈન્ચાર્જ પો.ઈન્સ. એ.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. આર.એચ.મારૂ, એ.એસ.આઈ. નરવણસિંહ ગોહિલ, દેવદાનભાઈ કુંભારવડીયા, લખમણભાઈ મેતા, ગોવિંદભાઈ વંશ, કેતનભાઈ જાદવ, ગોવિંદભાઈ રાઠોડ સહીતના દરીયાઈ પેટ્રોલીંગ તથા બોટ ચેકીંગ દરમ્યાન સોમનાથ મરીન તથા નવાબંદર મરીન વિસ્તારમાં ગુજરાત મત્સ્યોધોગ નિયમો (સુધારા) વટહુકમ ૨૦૨૦ મુજબ કાયદેસર કાર્યવાહી કરી બોટ માલીકો વિરૂધ્ધ ગુન્હાઓ નોંધી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.જેમાં (૧) દિનેશ મોહનભાઈ વણીક ઉ.વ.૩૯ રહે.ભીડીયા વાળાએ બોટમા ઓનલાઈન એન્ટ્રીમા જણાવેલ ખલાસીની જગ્યાએ અનઅધિકૃત વ્યકિને દરીયામાં માછીમારી કરવા મોકલેલ તેમજ સોમચંદ દાતારભાઈ સોલંકી ઉ.વ.૫૨ રહે.મુળદ્વારકા એ બોટમા ઓનલાઈન એન્ટ્રીમા જણાવેલ ખલાસીની જગ્યાએ અનઅધિકૃત વ્યકિને દરીયામાં માછીમારી કરવા મોકલતા અને હારૂન અલ્લારખા ભેસલીયા ઉ.વ.૫૦, રહે.મુળદ્વારકા વાળાએ ઓનલાઈન એન્ટ્રી કરાવ્યા વગર દરીયામાં માચ્છીમારી કરેલ હોવાથી આ ત્રણેય વિરૂધ્ધ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# સોમનાથ ટ્રસ્ટ કર્મચારી સોસાયટી આસપાસ આવતા દિપડા અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત

પ્રભાસ પાટણ તા.૨૩

સુપ્રસિધ્ધ સોમનાથગ મહાદેવ મંદિર ટ્રસ્ટ કર્મચારી સોસાયટી, વેણેશ્વર પાસે વારંવાર આવતા દિપડા અંગે કર્મચારી મંડળના પ્રમુખ સુરૂભા જાડેજાએ રાજયના વનમંત્રી મુળુભાઈ બેરાને ખાસ અરજી પાઠવી યોગ્ય કરવા વિનંતી કરી છે. આ પત્ર પહોંચતા જ વેરાવળ વન વિભાગના રેન્જ ફોરેસ્ટર અધિકારી પંપાણીયા તાબડતોબ પ્રભાસ પાટણ આવી પહોંચ્યા હતા અને આગામી દિવસોમાં દિપડાને પકડવા વધુ વ્યુહ અંગે વિચારણા કરી હતી.

# ઉનામાં આવતીકાલે વિજયાદશમીની ઉજવણી કરાશે



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૩

ઉના શહેરમાં ઉના પ્રખંડ, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ અને દુર્ગા વાહિની ના સંયુકત ઉપક્રમે ૨૪/૧૦ને મંગળ વારે દશેરા ના શુભ દિવસે વિજયા દશમી ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે પ્રથમ બજરંગ દળ ના યુવાનો દવારા મશાલ પરેડ યોજાશે જે ઊના મા દેલવડા રોડ ઉપર આવેલ શાહ એચ. ડી. હાઈસ્કુલ ના મેદાન માં સાંજે સાત વાગે પહોંચી ભારત માતાનું પૂજન કરાશે, શસ્ત્ર પૂજન, બહેનો દ્વારા તલવાર રાસ અને રાષ્ટ્ર ભક્તિ ના સાસ્કૃતિક કાર્યક્રમ યોજાશે અને હજાર રહેલ સંતો દ્વારા આશીર્વચન પાઠવશે. અને આંતકવાદ, ભ્રષ્ટાચાર, દેશ માં રહેલ અનિષ્ટ તત્વો નો નાશ કરવા વિશાળ અને ઉચો બનાવેલ રાવણ ના પૂતળાનું દહન કરવામાં આવશે. ભવ્ય આતશ બાજી કરવામાં આવશે અને આ કાર્યક્રમ માં ઊના શહેર અને તાલુકા ભર માંથી હજારો ભાઈ અને બહેનો ઉમટી પડશે

# જૂનાગઢ : પાર્સલની આડમાં મંગાવેલ દારૂ ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ હેડ કોન્સ્ટેબલ આઝાદસિંહ મુળુભાઈએ જાતે ફરિયાદી બની પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપી નં-૧એ પુર્વ આયોજીત કાવત્રુ કરી દિલ્હી ખાતેથી ગેરકાયદેસર રીતે પાર્સલની આડમાં બહારના રાજયમાંથી ટ્રાન્સપોર્ટ મારફતે ભારતીય બનાવટના વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની કુલ બોટલ નંગ-૨૮ કુલ કિ.રૂા.૫૮,૦૦૦નો મુદ્દામાલ મંગાવી રેઈડ દરમ્યાજ હાજર નહી મળી એકબીજાને મદદગારી કરવા અંગે ગુનો દાખલ કરવામાં આવેલ છે. જેમાં હાજર નહી મળેલ અને ડીલીવરી લેનાર એમ.એસ. પૂજા એન્ટરપ્રાઈઝનની હર્ષદ નવાગઢ મેઈન રોડ તેમજ ડીલીવરી મોકલનાર શીવા ટ્રેન્ડીંગ કંપની, પ્રતાપ માર્કેટ, સદરબજાર, ન્યુ દિલ્હી વાળા વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## કાલે જૂનાગઢ દિપાજલી સોસાયટી ઓમકારેશ્વર મહાદેવ મંદિર સામે રાવણ દહન કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ ટીંબાવાડી દિપાંજલી સોસાયટી વિસ્તારમાં આનંદદીપ ગરબી મંડળ દ્વારા આવતીકાલે તા.૨૪ને મંગળવારે દશેરા પર્વ નિમીતે ઓમકારેશ્વર મંદિરની સામેના પટાંગણમાં રાત્રે ૯ કલાકે રાવણ દહનનો કાર્યક્રમ યોજાશે. છેલ્લા પચ્ચીસ વર્ષથી આ ગરબી મંડળ દ્વારા દશેરાના દિવસે રાવણ દહન કરવામાં આવે છે અને ૮ હજારથી વધુ લોકો આ રાવણ દહન નિહાળવા આવે છે.

# ગીર સોમનાથ જીલ્લા પોલીસ દ્વારા દશેરાએ શસ્ત્ર પૂજનની પરંપરા

પ્રભાસ પાટણ તા.૨૩

વિજયાદસમી એટલે અશુભ તત્વો ઉપર શુભ તત્વોનો વિજય એવા શક્તિના મહાપર્વે ગીર સોમનાથ જીલ્લા પોલીસ તંત્ર જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા અધ્યક્ષપદે પરંપરા મુજબ શસ્ત્ર પુજન કાર્યક્રમ આયોજન પ્રતિવર્ષ કરાય છે. જેમાં સમગ્ર પોલીસ દળના અધિકારીઓ તેમના શસ્ત્રો સાથે ઉપસ્થિત રહી ભુદેવ પંડિત દ્વારા શાસ્ત્રોકત મંત્રોચ્ચાર સાથે શસ્ત્રોનું પુજન, પુષ્પહાર અને ચંદન તિલક કરી પર્વ સન્માન કરવામાં આવે છે.

પુજા કરાવવા મુકાતા શસ્ત્રોમાં ઈન્સાંટ રાયફલ એ કે ફોર્ટી સેવન, કાર બાઈટ ગન, ગલોક પીસ્ટોલ સહિતના પ્રજાની સુરક્ષા કરતાં અને સ્ટાફને સંકટ સમયે ઉપયોગી બનતા શસ્ત્રોની પુજા કરી પરસ્પર મો મીઠા કરી પારિવારીક પર્વ ઉજવાય છે.

# ઉના રઘુવંશી સમાજનું ગૌરવ

(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૩

ઉનાના નિવાસી મુકેશભાઈ ઉનડકટ ની સુપુત્રી ડો.કૃપા ઉનડકટ એમડી સાઈકીયાટ્રી ( માનસિક રોગ ના નિષ્ણાંત) ની ડિગ્રી સરકારી મેડીકલ કોલેજ ભાવનગર ખાતે અને સર ટી હોસ્પિટલ ખાતે ચાર વર્ષનો અનુભવ મેળવેલ છે માનસિક રોગના નિષ્ણાંત પ્રથમ વખત ઉના ખાતે મહેતા



હોસ્પિટલ ખાતે દરરોજ સોમ થી શનિ સવારે ૯:૦૦ થી ૧ અને બપોરે ૪ થી ૭ સેવા આપશે

# વેરાવળમાં આદ્યશક્તિની આરાધના સાથે આહીરો રંગાયા રાષ્ટ્ર ભક્તિના રંગે





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

નવરાત્રીના પાવન દિવસો દરમ્યાન માં આદ્યશક્તિની આરાધનામાં સહુ કોઈ લિન બનતા જોવા મળે છે ત્યારે વેરાવળ બાયપાસ પર આહિર સમાજની વાડીના વિશાળ પ્રાંગણમાં આહિર સમાજ દ્વારા ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આહીર સમાજના ભાઈઓ - બહેનો પરંપરાગત પરિધાન સાથે રાસની રમઝટ બોલાવે છે. આહિર સમાજનો ઉજળો ઈતિહાસ રહેલો છે સંસ્કૃતિના જતનની સાથે સાથે આવનારી પેઢીમાં સારા સમાજની રચનાના સંસ્કારનું સિંચન પણ અનિવાર્ય છે ત્યારે વેરાવળ ખાતે આહીર સમાજના નવરાત્રી મહોત્સવમાં યુવાનો દ્વારા માં આદ્યશક્તિની આરાધના સાથે રાષ્ટ્ર ભક્તિનો રંગ ઉમેરાયો હતો. ગાયક ઈમ્તિયાઝ મીર અને શમાં મીર દ્વારા રાષ્ટ્ર ભક્તિના જોરદાર ગીતો રજૂ કરતાં ઉપસ્થિત લોકો મંત્રમુગ્ધ બન્યા હતા તો સાથે સાથે આહીર સમાજના હજારો જ્ઞાતિજનોએ ગ્રાઉન્ડમાં મોબાઈલની ટોર્ચ લાઈટની રોશની સાથે દેશના સીમાડા સુરક્ષિત રાખવા જીવની આહુતી આપતા શહીદ વિરોને પણ ભાવપૂર્વક શ્રધ્ધાંજલી આપી હતી. આહીર સમાજ આયોજિત નવરાત્રી મહોત્સવમાં સાતમું નોરતું દેશભક્તિના ગીતો સાથે વિશિષ્ટ બન્યું હતું.

# વેરાવળમાં સર્વ સમાજના ખેલૈયાઓ એક છત નીચે રાસની રમઝટ બોલાવી માતાજીની આરાધના કરે છે




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

વેરાવળ શહેરમાં નવલાં નોરતામાં યુવા ખૈલેયાઓ અવનવા સ્ટેપ સાથે રમતા લોકોને મંત્રમુગ્ધ કર્યા છે જેમાં સર્વ સમાજના ખૈલૈયાઓને વિનામુલ્યે રમાડવા માટે કેસીસી ગ્રાઉન્ડ ખાતે સાગરપુત્ર ફાઉન્ડેશન સમસ્ત ખારવા સમાજ આયોજીત રંગીલા રાસોત્સવમાં અદભુત ડેકોરેશન સાથે ગરબામાં ચાર ચાંદ લગાવી દીધા છે. હજારો ખેલૈયાઓ એક સાથે ગરબે ઘૂમતા અદભુત નજારો જોવા મળી રહેલ છે.

વેરાવળ સમસ્ત ખારવા સમાજ સાગરપુત્ર ફાઉન્ડેશનના અધ્યક્ષ લખમભાઈ ભેંસલા, પટેલ દામજીભાઈ ફોફંડી, તુલસીભાઈ ગોહેલ સહીતના દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રંગીલા રાસોત્સવનું આયોજન તા.૧૫ થી તા.૨૪ સુધી કરવામાં આવેલ છે. આ રંગીલા રાસોત્સવમાં દરેક સમાજના ખૈલૈયાઓ માતાજીના ગરબે રમવા ઉમટી પડેલ છે અને આ નજારો નિહાળવા લોકો પણ વિશાળ સંખ્યામાં જોવા મળી રહેલ છે. તમામ સમાજના ખૈલૈયાઓને વિના મુલ્યે પ્રવેશ આપી આ રાસોત્સવમાં પ્રોત્સાહીત કરવા ઈનામો પણ આપી રહેલ છે.

વેરાવળમાં જેમ જેમ નવરાત્રિના દિવસો જતા જાય છે, તેમ તેમ ખેલૈયાઓ ગરબા ખેલવાનો રંગ જમાવતા જાય છે. વેરાવળ શહેરમાં કેસીસી ગ્રાઉન્ડમાં ખેલૈયાઓના અવનવા સ્ટેપે લોકોને મંત્રમુગ્ધ કર્યા છે. નવલાં નોરતામાં ગ્રૃપ રાસ સહીતની જુદી-જુદી હરીફાઈ યોજાતા તેમાં અવનવા ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ગરબે રમતા ખેલૈયાઓ ગરબાની રમઝટ બોલાવી રહેલ છે.

# ઉના શહેરમાં આસો માસની શારદીય નવરાત્રી ઉત્સવની ધામધુમપુર્વક અને ભક્તિભાવપૂર્વક ઉજવણી

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૩

ઉનામાં આસો માસની શારદીય નવરાત્રી ઉત્સવની ધામધુમપુર્વક અને ભક્તિભાવપુર્ણ ઉજવણી કરવામાં આવી રહી છે. છેલ્લા ઘણા વર્ષોથી પ્રાચીન ,અર્વાચીન પરંપરા મુજબ ગરબીઓ માં બાળકો, માતાઓ, ભાઈઓ, બહેનો માતાજીની શક્તિ અને ભકિત મુજબ આરાધના કરી રહ્યા છે તેમજ ઉનાના વિવિધ વિસ્તારો જેવાકે શ્રી ગાયત્રી માતાજીના મંદિરે , વિદ્યાનગર મારુતિ ઉત્સવ સમિતિ હનુમાનજી મંદિર- હુડકો, શાસ્ત્રીનગર -શ્રી ગાયત્રી ગરબી મંડળ,જય સંતોષીમાં ગરબી મંડળ, શ્રીકનકેશ્વરી માતા મંદિર, શ્રી હર્ષદમાતા મંદિર, જય અંબે માતા ગરબી મંડળ, ઉન્નતનગર ગરબી મંડળ, શ્રી ભૂતડા દાદા ગરબી, શ્રી બહુચરાજી ગરબી, સાજણ નગર ગરબી ,વૃજભુમી સોસાયટી, તુલસીધામ સોસાયટી, લાઈબ્રેરી ચોક, ભોંયવાડા, માળીવાડા, આંબેડકર ચોક, વેરાવળ રોડ, ગઢડા રોડ, વગેરે વિવિધ સોસાયટીઓ, વિસ્તારોમાં રાત પડે ને ખૈલૈંયાઓમાં રાત પડે ને દિવસ ઉગ્યો હોય તેમ કલાકો સુધી ગરબે રમી માતાજીની ઉત્સાહ સાથે ગરબા રમી ભક્તિ કરી રહ્યા છે. અને ઘણા આયોજકો દ્વારા ખેલૈયાઓને વિવિધ ભેટો આપી સન્માનિત કરવામાં આવે છે,ઘણી જગ્યાએ ચા,ઠંડા પીણાં,નાસ્તો, વગેરે ની વ્યવસ્થાઓ પણ કરવામાં આવે છે, અમુક ગરબી મંડળ દ્વારા બહારથી સીરીયલના તથા પિક્ચરના નામી, અનામી કલાકારોને બોલાવી લોકો સાથે ગરબી રમવા બોલાવવામાં આવે છે, જે લોકોમાં સારું આકર્ષણ જગાવે છે.વિવિધ ગરબીઓમા ગરબા જોવા અને રમવા ઉના શહેર અને તાલુકાભરમાંથી વિશાળ સંખ્યામાં લોકો આવી રહ્યા છે.

# આવતીકાલ આસો સુદ દસમના રોજ વિજયાદશમી

આસો સુદ દસમ ને મંગળવાર તા. ૨૪-૧૦-૨૩ નાં દિવસે વિજયા દશમી એટલે કે દશેરા છે. દશેરા વર્ષ ના ચાર વણજોયા મુર્હુત ના દિવસો માથી એક દિવસ છે. (૧) ચૈત્ર સુદ એકમ (૨) અખાત્રીજ (૩) દશેરા (૪) બેસતું વર્ષ. આ ચાર દિવસોને વર્ષનાં વણજોયા મુર્હુત દિવસ કહેવાય છે. તેમાં દશેરાનું મહત્વ ખાસ વધી જાય છે. દશેરાનાં દિવસે કોઈપણ શુભ કાર્ય કરવા માટે ચંદ્રબળ નક્ષત્ર રાશી ચોઘડીયા જોવાની જરૂર રહેતી નથી. દશેરાનો દિવસ વણજોયા મુહૂર્ત નો હોવા થી આખો દિવસ શુભ છે.

આ દિવસે નવી દુકાનનું ઉદઘાટન કરવું, ખાતમુર્હુત કરવું, ખરીદી કરવી, સોના ચાંદી, પુજાનો સામાન, લગ્નનો સામાનની ખરીદી કરવી.વાસ્તુ, નવચંડી કથા, ચંડીપાઠ તથા નવા મકાન મા કળશ પધરાવવો શુભ અનેઉત્તમ છે. દરેક પ્રકારનાંશુભ કાર્યો કરવા આ દિવસે શુભ છે. અને નવુ વાહનની ખરીદી કરવી, જમીન મકાનની ખરીદી કરવી પણ શુભ રહેશે. ઉત્તમ ફળદાયક રહેશે. વિજય મુર્હુત બપોરે ૨.૨૭ થી ૩.૧૩ સુધી છે. દશેરાનં દિવસે રામ ભગવાને રાવણને બપોરે અપરાહન કાળનાં વિજય મુર્હુતમાં માર્યો હતો. આ દિવસે પાંડવો એ વનવાસનાં તેરમાં વર્ષે શમી એટલે કે ખીજડાનાં વૃક્ષની બખોલમાં પોતાનાં હથીયાર છુપાવેલા તે મેળવી અને અર્જુને દશેરાનાં દિવસે વિજય ટંકાર કરેલો આથી દશેરા ના દિવસે શમી એટલે કે ખીજડાનું પૂજન કરવામાં આવે છે. આ દિવસે શસ્ત્રોનું લોકરક્ષા માટે દેવી સ્વરૂપે પૂજન કરવા મા આવે છે. દશેરાનાં દિવસે નવદુર્ગા માતાજીની છબી તથા કુળદેવી માતાજી ની છબી ને કંકુ, ચોખા કરી ફુલઅર્પણ કરી ત્યાર બાદ સાંજનાં સમયે કુળદેવીનાં મંત્ર જપ કરવા. ૩, ૭ અથવા ૧૧ માળા કરવી. ત્યારબાદ માતાજીને પ્રાર્થનામાં પોતાની શુભ અને સાચી મનોકામના બોલાવી સિધ્ધિ આપશે. માતાજીની આરતીએ નૈવૈદ્ય અર્પણ કરવું. આ વર્ષે મંગળવારે દશેરા છે આથી રીવાજ પ્રમાણે રવિવારે, મંગળવારે માતાજીને વિદાય આપતા નથી તથા મંગળવારે ગરબો પધરાવવા મા ન આવતો હોવા થી માતાજીનો ગરબો મંગળવારે દશેરા ના બદલે બુધવારે અગિયારસ ના દિવસે અથવા ગુરૂવાર ના દિવસે સવારે ગરબો પધરાવવો શુભ રહેશે. ગરબો પધરાવવામાં પંચક દોષ ગણાતો નથી.

**શાસ્ત્રી રાજદીપ જોશી**
**(વેદાંત રત્ન)**

### વિજયાદશમીના શુભ મુહુર્તોની યાદી

**દિવસના શુભ ચોઘડીયા**
ચલ ૯-૩૭ થી ૧૧-૦૫
લાભ ૧૧.૦૫ થી ૧૨-૩૧
અમૃત ૧૨-૩૧ થી ૧-૫૭
શુભ ૩-૨૨ થી ૪-૪૮
**રાત્રીનું શુભ ચોઘડીયું**
લાભ ૭-૪૮થી ૯-૨૩
**બપોરે અભિજીત મુહુર્ત**
૧૨-૦૮ થી ૧૨-૫૪
**વિજય મુહુર્ત બપોરે**
૨-૨૭થી ૩-૧૩
**સાંજે પ્રદોષ કાળનું શુભ મુહુર્ત**
૬-૧૮થી ૮-૪૮

### બુધવારે ગરબી મંદિરે અથવા નદીના વહેતા પાણીમાં પધરાવવાનું શુભ મુહુર્ત ચોઘડીયા પ્રમાણે

**દિવસના શુભ ચોઘડીયા**
લાભ ૬-૪૮થી ૮-૧૪
અમૃત ૮-૧૪થી ૯-૪૦
શુભ ૧૧-૦૫થી ૧૨-૩૧
ચલ ૩-૨૨ થી ૪-૪૮
લાભ ૪-૪૮થી ૬-૧૩
**સાંજે પ્રદોષકાળનુ શુભ સમય**
૬-૧૮થી ૮-૪૮

### ગુરૂવારે ગરબો પધરાવવા માટેનો શુભસમય ચોઘડીયા પ્રમાણે

**દિવસના શુભ ચોઘડીયા**
શુભ ૬-૪૯થી ૮-૧૪
ચલ ૧૧-૦૫થી ૧૨-૩૧
અમૃત ૧-૫૬થી ૩-૨૨
શુભ ૪-૪૭થી ૬-૧૩
**રાત્રીના શુભ ચોઘડીયા**
અમૃત ૬-૧૩થી ૭-૪૭
૬-૧૮થી ૮-૪૮

# અજાણતા કરેલી દેવી ભક્તિનું ફળ...



એક વખતની વાત છે. હિમાલય પર્વતમાળાના એક સુંદર ભાગમાં એક ચક્રવાક પક્ષીનો જન્મ થયો. આ ચક્રવાક પક્ષી પોતાની મસ્તીમાં જીવવા લાગ્યું અને ધીરે ધીરે મોટું થવા લાગ્યું.

મોટું થયેલું આ ચક્રવાક પક્ષી હિમાલય ક્ષેત્રને છોડી ફરવા નીકળી ગયું. ફરતું ફરતું એ કાશી નગરીમાં આવી પહોંચ્યું. અહીં આવેલા એ પક્ષીને અત્યંત ભુખ અને તરસ લાગી હતી. ખાવાને અન્નનો દાણો મળે તેવી અપેક્ષાથી આમથી તેમ ઉડતા ઉડતા આ ચક્રવાક પક્ષી અચાનક જ કાશીના પ્રસિધ્ધ માતા અન્નપૂર્ણા દેવીના મંદિરે જઇ ચડ્યું. માતાના મંદિરના મેદાનમાં તેને અન્નના દાણા મળી રહ્યા. તેમજ પીવાનું પાણી પણ મળી રહ્યું.

આ બધું જોઇ તે ચક્રવાક પક્ષીને આનંદ થયું. વળી, માતાજી અન્નપૂર્ણા દેવીના મંદિરનું વાતાવરણ પણ તેને ખૂબ જ ગમી ગયું. તેથી ત્યાં જ રહી જવાનું તેણે નક્કી કરી લીધું. પછી તેણે નિયમ બનાવી લીધો કે, સવાર-સાંજ મંદિરને પ્રદિક્ષણા કરી લેવી અને માતાજીની કૃપાથી જે પ્રસાદ મળે તે ગ્રહણ કરવો.

આ ચક્રવાક પક્ષીનો નિત્યક્રમ બની ગયો. દિવસો વિતતા ચાલ્યા એક દિવસ તેના પક્ષીરૂપી જીવનનો અંત આવ્યો. ત્યારે તેના જીવને લેવા દેવદુતો આવ્યા. તેને દેવી લોકમાં લઇ ગયા.

સમયાંતરે માતાજી અન્નપૂર્ણા દેવીની કૃપાથી તેનો બીજો જન્મ એક રાજાને ઘેર થયો. ધીરે ધીરે તે મોટો થવા લાગ્યો. તેનું નામ બૃહદથ પાડવામાં આવેલું. બૃહદથ રાજા થયો. તેને પોતાના પૂર્વ જન્મનો વૃતાંત યાદ હતો. તેણે પોતાના રાજ્યમાં ઉપસ્થિત ઋષિ-મુનિઓને પોતાના આગલા જન્મની કથા સંભળાવી જણાવ્યું કે કઇ રીતે પોતે પક્ષી યોનીમાંથી મનુષ્ય યોનીમાં આવ્યો ? તેનું રહસ્ય કહી અજાણતા જ દેવી ભક્તિ કરતા મનુષ્ય યોનીમાં રાજા થવા સુધીના શુભ ફળની પ્રાપ્તિ થઇ તેની કથા કહી દેવી માનો મહિમા ગાઇ સંભળાવ્યો.

વિપત્તિના નાશ માટેનો મંત્ર
“શરણા ગત દીનાર્ત પરિત્રાણપરાયણે,
સર્વસ્યાર્તિહરે દેવિ નારાયણી નમોડસ્તુતે.”
-આ મંત્રની દરરોજ ત્રણ માળા કરવાથી વિપત્તિનો નાશ થાય છે.

## દેવી મહિમા

-કનકચંદ્ર છગનલાલ વ્યાસ

# રાજ્યના ધો.૩, ૬ અને ધો.૯ના વિદ્યાર્થીઓનો સર્વે કરવા આગામી ૩ નવેમ્બરે કસોટી લેવાશે

## સ્ટેટ એજ્યુકેશન એચિવમેન્ટ સર્વે માટે વિદ્યાર્થીઓની કસોટી લઈ ક્ષમતાની ચકાસણી કરાશે

અમદાવાદ, તા.૨૩

રાજયમાં આગામી ૩ નવેમ્બરના રોજ સ્ટેટ એજ્યુકેશન એચિવમેન્ટ સર્વે હાથ ધરવામાં આવશે. આ સર્વે માટે ધોરણ-૩, ૬ અને ૯ના વિદ્યાર્થીઓની પસંદગી કરી પરીક્ષા લેવામાં આવશે. અમદાવાદમાં પણ ૭૯૨ જેટલી સ્કૂલોની સર્વે માટે પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ પરીક્ષા માટે સ્કૂલોમાં વિદ્યાર્થીઓની ૧૦૦ ટકા હાજરી રહે તે માટે સ્કૂલોને સુચના અપાઈ છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ગુજરાત સહિત સમગ્ર દેશમાં આવેલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્ટેટ એજ્યુકેશન એચિવમેન્ટ સર્વે હાથ ધરવામાં આવનાર છે. આ સર્વે માટે શાળાના ધોરણ-૩, ૬ અને ૯ના વિદ્યાર્થીઓ ઉપર પસંદગી ઉતારવામાં આવી છે. રાજયમાં ૩ નવેમ્બરના રોજ આ સર્વે હાથ ધરવામાં આવશે. જેમાં ગુજરાતી અને ગણિત વિષયમાંથી કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રશ્નપત્રના આધારે સર્વે માટે એક પરીક્ષા યોજવામાં આવશે. આ સર્વેમાં વિદ્યાર્થીઓના લેખન, ગણન અને બૌદ્ધિક ક્ષમતા માપવાનો પ્રયાસ કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા દર ૩ વર્ષે નેશનલ એચિવમેન્ટ સર્વે હાથ ધરવામાં આવતો હોય છે. જેમાં દરેક રાજ્યમાં આવેલા તમામ જિલ્લા પ્રમાણે રિપોર્ટ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. આ સર્વેમાં વિદ્યાર્થીઓની પરીક્ષા લઈ તેના આધારે જે પણ ઉણપ હોય તે દર્શાવી તેને દુર કરવા માટે પ્રયાસ કરવામાં આવતો હોય છે. જો કે આ વખતે પ્રથમ વખત થઈ રહેલા સ્ટેટ એજ્યુકેશન એચિવમેન્ટ સર્વેમાં તાલુકા મુજબ રિપોર્ટ કાર્ડ તૈયાર કરવામાં આવશે. આ સર્વે માટે ગુજરાતની તમામ સ્કૂલો પૈકી ૫૦ ટકા સ્કૂલોને પસંદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જેમાં દરેક શાળામાંથી રેન્ડમલી ૩૦ જેટલા વિદ્યાર્થીઓને સર્વે માટે પસંદ કરવામાં આવશે. અમદાવાદ જિલ્લામાં આવેલી સ્કૂલો પૈકી ૭૯૨ સ્કૂલોને સર્વે માટે પસંદ કરવામાં આવી હોવાની વિગતો સામે આવી છે. ૩ નવેમ્બરના રોજ યોજાનારી આ સર્વે પરીક્ષા માટે સ્કૂલોમાં વિદ્યાર્થીઓની ૧૦૦ ટકા હાજરી રાખવા માટે સુચના દરેક જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પરિપત્ર કરી સ્કૂલોને તાકીદ કરી છે.

# સંકલન સમિતિના પાંચ પ્રશ્નો અંગે ઠરાવ કરવાની સરકારની તૈયારી

## સરકાર દ્વારા અમલની ખાતરી મળ્યા બાદ સમિતિએ આંદોલન સ્થગિત કર્યું હતું

અમદાવાદ, તા.૨૩

શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા પડતર પ્રશ્નોને લઈને શરૂ કરાયેલા આંદોલન બાદ હવે સરકાર દ્વારા પાંચેક પ્રશ્નો અંગે ઠરાવ કરવાની તૈયારીઓ કરી હોવાનું જાણવા મળે છે. સરકાર તરફથી અમલની ખાતરી મળ્યા બાદ સંકલન સમિતિએ આંદોલન સ્થગિત કર્યું હતું અને હવે સરકાર દ્વારા તે અંગેના ઠરાવની તૈયારીઓ શરૂ કરી હોવાનું જાણવા મળે છે. શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા ગ્રાન્ટેડ સ્કૂલોના વિવિધ પ્રશ્નોને લઈને આંદોલન શરૂ કર્યું હતું. જોકે, આંદોલન શરૂ કરાયા બાદ પ્રશ્નોના મુદ્દે આગામી દિવસોમાં નિરાકરણ લાવવામાં આવશે તેવી બાંહેધરી આપ્યા બાદ સંકલન સમિતિ દ્વારા આંદોલન સ્થગિત રાખવાનું નક્કી કર્યું છે. જે પ્રશ્નોનું નિરાકરણ આવી ગયું છે તેમાં ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની ભરતી, પરિણામ આધારિત ગ્રાન્ટ નિતી રદ, પગાર તફાવતના પાંચમા હપ્તાની ચુકવણી, આચાર્યને એક વધારાનો ઈજાફો આપવાનો ઠરાવ, એક આચાર્ય અને ૩ શિક્ષકનો ઠરાવ તથા પ્રવાસી શિક્ષક- જ્ઞાન સહાયક આપવાનો ઠરાવ થઈ ચુક્યો છે. જ્યારે હવે સરકાર દ્વારા તેમના અન્ય પાંચેક પ્રશ્નો અંગે ટૂંકમાં નિર્ણય કરે તેવી શક્યતાઓ છે. આ પ્રશ્નો ઉપર નજર કરીએ તો, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં વર્ગ વિદ્યાર્થી સંખ્યા ઘટાડવા માટેની માંગણી અંગે ટૂંકમાં નિર્ણય લેવાઈ શકે છે. આ ઉપરાંત ફાજલ રક્ષણના ઠરાવમાંથી ૧૨૦ દિવસની વિસંગતતા દૂર કરવા બાબત, ૧:૩ના રેશિયો મુજબ જૂના શિક્ષકની ભરતી, બિન શૈક્ષણિક વર્ગ-૪ના કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપીને બઢતી તથા ભરતી આપવા માટે તેમજ NPSવાળાને ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર કરવાનો ઠરાવ ટૂંકમાં થાય તેવી શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે. આ ઉપરાંત શૈક્ષણિક સંકલન સમિતિના અન્ય ચારેક પ્રશ્નો સરકારમાં વિચારણાધિન છે. જેમાં ગ્રાન્ટેડ શાળાઓને નવા કમ્પ્યુટર અને લેબ સુવિધા આપવા, ધોરણ૧૦માં ગણિત બેઝિક અને ગણિત સ્ટાન્ડર્ડના પાઠ્ય પુસ્તક અલગ કરવા, નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા તેમજ ૧-૪-૨૦૦૫ યોજનામાં સમાવવા બાબતે સરકારે વિચારણા હાથ ધરી છે. આમ, પાંચ પ્રશ્નોમાં સરકાર વહેલી તકે નિર્ણય લઈ શકે છે.

# ભારત ૨૦૨૭ સુધી દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે

નવી દિલ્હી, તા.૨૩

ભારતીય અર્થતંત્ર આવનારા સમયમાં ઝડપથી પ્રગતિ કરશે. ભારત ૨૦૨૭ સુધી દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની જશે. જે.પી.મોર્ગનના એશિયા પેસિફિક ઈક્વિટી રિસર્ચના ડિરેક્ટર જેમ્સ સુલિવાને આ દાવો કર્યો હતો. આ મામલે માહિતી આપતાં જેમ્સ સુલિવાને દાવો કર્યો હતો કે ભારતીય અર્થતંત્ર ૨૦૩૦ સુધીમાં સાત લાખ કરોડનું થઈ જશે. તેમણે એક ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું કે ભારતીય અર્થતંત્રના નિકાસમાં ઝડપી વધારો થશે. હાલમાં ભારતનો નિકાસનો આંકડો ૫૦૦ અબજ ડોલરથી ઓછો છે અને તે એક લાખ કરોડ સુધી પહોંચશે તેવું અનુમાન છે. ભારતના જીડીપીનો આકાર વધવામાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો સૌથી મોટો હાથ હશે. હાલમાં ભારતના જીડીપીમાં મેન્યુફેક્ચરિંગની ભાગીદારી ૧૭ ટકા છે જે ૨૫ ટકા સુધી પહોંચી શકે છે. જેમ્સ સુલિવાને કહ્યું કે અનેક વસ્તુઓ લાંબાગાળા માટે ભારતના મજબૂત થવાના સંકેત આપી રહી છે. ભારતીય અર્થતંત્રના ઓવરઓલ સ્ટ્રક્ચરમાં મોટું પરિવર્તન થશે.

# ગિફ્ટ સિટી વિશ્વ લેવલે ચમકી રહી છે ત્યારે હવે ગૂગલ પણ આવ્યું તેના આકર્ષણમાં !




ગાંધીનગર, તા.૨૩

ગુજરાત વિવિધ ક્ષેત્રે અગ્રણી હરોળમાં આવી વિશ્વના નકશા ઉપર ચમકી રહ્યું છે. જેમાં ગાંધીનગરની ગિફ્ટ સીટી કે જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે તે ગિફ્ટ સિટીને ઉત્તરોત્તર નવી સફળતાઓ મળી રહી છે. વિશ્વની અગ્રણી કંપનીઓની સાથે હવે ગૂગલ પણ ગિફ્ટ સિટીમાં પોતાનું એક સેન્ટર ખોલી રહ્યું છે. ગિફ્ટ સીટીમાં વૈશ્વિક કક્ષાના ઈન્ફ્રાસ્ટ્રકચરોને લઈ દેશ-વિદેશની કંપનીઓ આવી રહી છે. જેમાં હાલમાં ફિનટેક સેક્ટર ખૂબ જ ચલણમાં છે. ત્યારે આ સેક્ટરના ગ્રોથની સીધી અસર ભારતના સ્ટાર્ટઅપ માર્કેટ અને અર્થવ્યવસ્થા ઉપર પડી રહી છે. નવી ફાઈનાન્સ ટેક્નોલોજીને આધારિત સ્ટાર્ટઅપ અને ગૂગલ, એમેઝોન જેવી મોટી કંપનીઓના ફિનટેક સેન્ટર્સથી અર્થવ્યવસ્થાને નવી ગતિ મળી રહી છે. ગુજરાતમાં આ સેક્ટરને એક મોટો બૂસ્ટ મળે તેવી વિગતો બહાર આવી છે. હવે ગાંધીનગરની નજીકના ગિફ્ટ સિટીમાં ગૂગલ પોતાની ઓફિસ ખોલી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગૂગલનું ફિનટેક સેન્ટર હવે ગિફ્ટ સિટીમાં ખૂલવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગિફ્ટ સિટીને આંતરરાષ્ટ્રીય ડિજિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું અને ફાયનાન્સ સેક્ટરનું એક મોટું હબ બનાવવા માગે છે. સ્થાપના પછીથી ગિફ્ટ સિટીએ આ જ દિશામાં પ્રગતિ પણ કરી છે. અનેક મોટી અને મેગા કંપનીઓ હવે ગિફ્ટ સિટીમાં આવી રહી છે. ત્યારે આ જ દિશામાં હવે ગૂગલનું નામ પણ જોડાઈ રહ્યું. કેમ કે ગૂગલ પણ હવે ગિફ્ટ સિટીમાં પોતાનું ફિનટેક સેન્ટર ખોલવા જઈ રહ્યું છે. આ માટે એક પ્રોપર્ટી પણ લીઝ ઉપર લેવામા આવી હોવાની જાણવા મળી રહી છે. આ અંગે હાલમાં વિવિધ તૈયારીઓ પણ ઝડપથી કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર પાસે બનેલું ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક્સ સિટી (ગિફ્ટ સિટી) ભારતનું સૌપ્રથમ સ્માર્ટસિટી છે. ગિફ્ટ સિટી ૮૮૬ એકરમાં ફેલાયું છે અને તેમાં ડોમેસ્ટિક તેમજ સેઝ બંનેનો સમાવેશ થાય છે. હાલ અહીં ૯ હજારથી વધુ કર્મચારી કામ કરી રહ્યા છે. ગિફ્ટ સિટીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર યુનિક છે. સંકુલમાં ડિસ્ટ્રિક્ટ કુલિંગ સિસ્ટમ, યૂટીલિટી ટનલ, કચરો એકત્ર કરવા માટે ઓટોમેટિક સિસ્ટમ જેવી સુવિધા પણ છે. સિટીમાં ૭ ટાવર કાર્યરત છે. ગિફ્ટ સિટીમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બેંક્રો, આઈટી કંપનીઓ, વીમા કંપનીઓ, આંતરરાષ્ટ્રીય શેરબજાર અને ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સર્વિસ સેન્ટર (આઈએફએસસી) આવેલું છે. અહીં હોટેલ, કલબ હાઉસ, એફોર્ડેબલ હાઉસ તેમજ રહેણાંક એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગિફ્ટ સિટીમાં આવેલો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ અનોખો છે. ગિફ્ટ સિટીના કોઈપણ સંકુલમાં તમે નળમાંથી પીવાનું પાણી લઈ શકો છો.

# વર્લ્ડકપમાં કપિલ દેવનો રેકોર્ડ તોડવા બુમરાહને માત્ર ત્રણ વિકેટની જરૂર




પૂણે, તા.૨૩

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાયેલ વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૧૭મી મેચ પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં જસપ્રિત બુમરાહે બે વિકેટ લીધી હતી. આ મેચમાં ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ એક માઈલસ્ટોન પોતાના નામે કરી શકે તેમ હતો. જેનાથી તે માત્ર ૧ વિકેટ દૂર છે. જસપ્રીત બુમરાહ વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનારા ભારતીયો બોલરોની લિસ્ટમાં છઠ્ઠા સ્થાને છે. બુમરાહના નામે હાલમાં વન-ડે વર્લ્ડ કપની ૧૨ મેચમાં ૨૬ વિકેટ છે. જો તે વધુ ૩ વિકેટ લેશે તો તે પૂર્વ ભારતીય કેપ્ટન કપિલ દેવને પાછળ છોડી દેશે. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવના નામે વન-ડે વર્લ્ડ કપની ૨૬ મેચની ૨૫ ઈનિંગ્સમાં ૨૮ વિકેટ છે. કપિલ દેવે આ વિકેટ વન-ડે વર્લ્ડ કપ ૧૯૭૯થી લઈને વન-ડે વર્લ્ડ કપ ૧૯૯૨ સુધી ઝડપી હતી. ઝહીર ખાન વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનારા ભારતીય બોલરોની લિસ્ટમાં ટોપ ઉપર છે. ઝહીર ખાને ૨૩ મેચની ૨૩ ઈનિંગ્સમાં ૪૪ વિકેટ ઝડપી છે. બુમરાહ ટૂંક સમયમાં જ આ લિસ્ટમાં ટોપ-૫માં આવી જશે. વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં બુમરાહના નામે ૩ મેચમાં ૧૧.૬૨ના સરેરાશથી ૮ વિકેટ છે.

# આ નવું AI ટૂલ તમારો અવાજ સાંભળીને જ તમને ડાયાબિટીસ છે કે નહીં તે ઓળખી જશે એ પણ ૮૯ ટકા ચોક્સાઈ સાથે

(એજન્સી) તા.૨૩

કોઈ વ્યક્તિ ડાયાબિટીસથી પીડિત છે કે કેમ તે શોધવું તેના સ્માર્ટફોનમાં થોડા વાક્યો બોલવા જેટલું સરળ હોઈ શકે છે, એક ગ્રાઉન્ડ બ્રેકિંગ અભ્યાસમાં ડાયાબિટીસની તપાસમાં વોઈસ ટેક્નોલોજીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે જોડવામાં આવી છે. યુએસમાં ક્લિક લેબ્સના વૈજ્ઞાનિકોએ AI મોડેલ બનાવવા માટે વય, લિંગ, ઊંચાઈ અને વજન સહિતના મૂળભૂત આરોગ્ય ડેટા સાથે લોકોના અવાજની છથી ૧૦ સેકન્ડનો ઉપયોગ કર્યો હતો જે શોધી શકે છે કે, તે વ્યક્તિને ટાઈપ ૨ ડાયાબિટીસ છે કે નહીં. ડિજિટલ હેલ્થ જર્નલમાં પ્રકાશિત આ મોડેલમાં મહિલાઓ માટે ૮૯ ટકા અને પુરૂષો માટે ૮૬ ટકા ચોક્સાઈ છે. અભ્યાસ માટે સંશોધકોએ ૨૬૭ લોકોને (બિન-અથવા પ્રકાર ૨ ડાયાબિટીસ હોવાનું નિદાન ન થયું હોય)ને બે અઠવાડિયા સુધી દિવસમાં છ વખત તેના સ્માર્ટફોનમાં શબ્દસમૂહ રેકોર્ડ કરવા કહ્યું. ૧૮,૦૦૦થી વધુ રેકોર્ડિંગ્સમાંથી વૈજ્ઞાનિકોએ બિન-ડાયાબિટીસ અને પ્રકાર ૨ ડાયાબિટીસ ધરાવતા વ્યક્તિઓ વચ્ચે તફાવત કરવા માટે ૧૪ એકોસ્ટિક લાક્ષણિકતાઓનું વિશ્લેષણ કર્યું. પેપરના પ્રથમ લેખક અને ક્લિક લેબ્સના સંશોધન વૈજ્ઞાનિક જેસી કોફમેને જણાવ્યું હતું કે, અમારૂં સંશોધન પ્રકાર ૨ ડાયાબિટીસ ધરાવતા અને વગરના વ્યક્તિઓ વચ્ચેના મહત્ત્વપૂર્ણ અવાજના તફાવતોને હાઈલાઈટ કરે છે અને તબીબી સમુદાય ડાયાબિટીસ માટે તપાસ કરવાની રીતને બદલી શકે છે. ડાયાબિટીસ શોધવાની વર્તમાન પદ્ધતિઓમાં ઘણો સમય, મુસાફરી અને ખર્ચની જરૂર પડે છે. વોઈસ ટેક્નોલોજીમાં આ અવરોધોને સંપૂર્ણપણે દૂર કરવાની ક્ષમતા છે. સિગ્નલ પ્રોસેસિંગનો ઉપયોગ કરીને વૈજ્ઞાનિકો પ્રકાર ૨ ડાયાબિટીસને કારણે અવાજમાં થતા ફેરફારોને શોધી શક્યા. આશ્ચર્યજનક રીતે તે અવાજના ફેરફારો પુરૂષો અને સ્ત્રીઓમાં જુદી-જુદી રીતે પ્રગટ થાય છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન અનુસાર, વિશ્વભરમાં લગભગ બેમાંથી એક અથવા ૨૪૦ મિલિયન ડાયાબિટીસ ધરાવતા પુખ્ત વયના લોકો અજાણ છે કે તેઓને આ સ્થિતિ છે અને લગભગ ૯૦ ટકા ડાયાબિટીસ કેસો પ્રકાર ૨ ડાયાબિટીસ છે. પ્રિ-ડાયાબિટીસ અને ટાઈપ ૨ ડાયાબિટીસ માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ડાયગ્નોસ્ટિક ટેસ્ટમાં ગ્લાયકેટેડ હિમોગ્લોબિન (A1C) તેમજ ફાસ્ટિંગ બ્લડ ગ્લુકોઝ (FBG) ટેસ્ટ અને OGTTનો સમાવેશ થાય છે. ક્લિક લેબ્સના વાઈસ પ્રેસિડેન્ટ અને અભ્યાસના મુખ્ય તપાસકર્તા યાન ફોસેટે જણાવ્યું હતું કે, નવો બિન-ઘૂસણખોર અને સુલભ અભિગમ મોટી સંખ્યામાં લોકોની તપાસ કરવાની અને ટાઈપ ૨ ડાયાબિટીસનું નિદાન ન થયેલા લોકોની મોટી ટકાવારીને ઓળખવાની ક્ષમતા પ્રદાન કરે છે. ફોસેટે જણાવ્યું હતું કે, અમારૂં સંશોધન પ્રકાર ૨ ડાયાબિટીસ અને અન્ય આરોગ્ય સ્થિતિઓને ઓળખવામાં વોઈસ ટેક્નોલોજીની સંભવિતતાને રેખાંકિત કરે છે. વોઈસ ટેક્નોલોજી એક સુલભ અને સસ્તું ડિજિટલ સ્ક્રીનિંગ ટૂલ તરીકે આરોગ્ય સંભાળની પદ્ધતિઓમાં ક્રાંતિ લાવી શકે છે.

# CBSE ધોરણ ૧૦, ૧૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૪ ટાઈમ ટેબલ ટૂંક સમયમાં આવવાની સંભાવના

(એજન્સી) તા.૨૩

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ મહિને સીબીએસઈ ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૪ માટે ટાઈમ ટેબલની જાહેરાત કરવાની આશા છે. જો કે આ ધ્યાન રાખવું મહત્વપૂર્ણ છે કે બોર્ડ અત્યાર સુધી સીબીએસઈ બોર્ડ પરીક્ષા ૨૦૨૪ ટાઈમ ટેબલ માટે ચોક્કસ તારીખ અને સમય જારી કરવામાં આવ્યો નથી. એક વખત પ્રકાશિત થયા પછી વિદ્યાર્થી સત્તાવાર વેબસાઈટ cbse.gov.in yLku cbse.nic.in ઉપર જઈને ટાઈમ ટેબલ ડાઉનલોડ કરી શકે છે. સત્ર ૨૦૨૩-૨૪ માટે પ્રેક્ટિસ પરીક્ષા પ્રોજેકટ, આંતરિક મુલ્યાંકન ભારત અને વિદેશમાં તમામ સંબંધીત સ્કૂલો માટે ૧ જાન્યુઆરી ૨૦૨૪થી નક્કી છે. સીબીએસઈ ધોરણ ૧૦,૧૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૪ કેવી રીતે જોઈ શકશો (૧) સીબીએસઈની સત્તાવાર વેબસાઈટ cbse.gov.in ઉપર જાવ. (૨) હોમપેજ ઉપર મુખ્ય વેબસાઈટ ટેબ ઉપર કિલક કરો. (૩) સીબીએસઈ શૈક્ષણિક વેબસાઈટ ખુલી જશે. (૪) સીબીએસઈ ૨૦૨૩ બોર્ડ પરીક્ષા ટાઈમ ટેબલ ૧૦ અથવા ૧૨ માટે નિર્દિષ્ટ લિંક પર કલિક કરો. (૫) સીબીએસઈ ધોરણ ૧૦, ૧૨નું ટાઈમ ટેબલ સ્ક્રીન ઉપર દેખાશે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અને નવા પરીક્ષા પેટર્ન અને એકમ યોજનામાં કેટલાક મહત્વપૂર્ણ પરિવર્તન કર્યા છે. જેનાથી ઉમેદવારો ઉપર દબાણ ઓછું થઈ જશે.

# ગાઝામાં પેલેસ્ટીનીઓ માટે ઈઝરાયેલના અવિરત હવાઈ હુમલાઓ વચ્ચે ક્યાંય સુરક્ષિત સ્થાન નથી

ખાન યુનિસ, તા.૨૩

ઈઝરાયેલે હવાઈ હુમલાઓ સાથે ગાઝા પટ્ટીમાં અનેક સ્થાનો ઉપર હુમલો કર્યો હતો, જેમાં દક્ષિણના ભાગોનો પણ સમાવેશ થાય છે જેને ઈઝરાયેલે સલામત ઝોન જાહેર કર્યા હતા, આ ક્ષેત્રમાં ફસાયેલા ૨ મિલિયનથી વધુ પેલેસ્ટીનીઓમાં ભય વધી ગયો હતો કે તેઓ ક્યાંય સલામત નથી. દક્ષિણ ઈઝરાયેલના નગરોમાં પણ ઈઝરાયેલે હુમલો કરવાનું શરૂ કર્યું છે ત્યારથી લગભગ બે અઠવાડિયામાં, આ હવાઈ હુમલાઓ ગીચ વસ્તીવાળા પ્રદેશ ઉપર રહ્યા છે. ઈઝરાયેલે પેલેસ્ટીનીઓને ઉત્તરમાંથી બહાર નીકળી જવા અને દક્ષિણમાં જેને "સેફ ઝોન" કહે છે તે તરફ જવા કહ્યું તે પછી પણ, સમગ્ર પ્રદેશમાં હુમલા કર્યા છે. ઈઝરાયેલે બુધવારે ઈજિપ્તને ગાઝાને મર્યાદિત માનવતાવાદી સહાય પહોંચાડવાની મંજૂરી આપવા સંમતિ આપી છે. ગાઝાના ૨.૩ મિલિયન રહેવાસીઓમાંથી ઘણાને એક દિવસનું ભોજન પણ મળતું નથી અને તેઓ ગંદુ પાણી પી રહ્યા છે. હોસ્પિટલમાં વિસ્ફોટ પાછળ કોનો હાથ હતો તે અંગે વિરોધાભાસી દાવાઓ થયા હતા. ગાઝામાં હમાસના અધિકારીઓએ આ માટે ઈઝરાયેલી હવાઈ હુમલાને દોષી ઠેરવતા કહ્યું કે સેંકડો લોકો માર્યા ગયા છે. ઈઝરાયેલે તેમાં સામેલ હોવાનો ઈન્કાર કર્યો હતો અને વીડિયો, ઓડિયો સાથે તેણે જણાવ્યું હતું કે ગાઝામાં કાર્યરત અન્ય જૂથ ઈસ્લામિક જેહાદ દ્વારા રોકેટ મિસફાયરને કારણે વિસ્ફોટ થયો હતો. ઈસ્લામિક જેહાદે આ દાવાને ફગાવી દીધો હતો. ૧ મિલિયનથી વધુ પેલેસ્ટીનીઓ તેમના ઘર છોડીને ભાગી ગયા છે, જે ગાઝાની લગભગ અડધી વસ્તી છે. ઈઝરાયેલે તેમને સ્થળાંતર કરવાનું કહ્યું પછી ગાઝા સિટી અને ઉત્તરમાં અન્ય સ્થળોએ ભાગી ગયેલા ઘણા લોકો યુએન શાળાઓ અથવા સંબંધીઓના ઘરોમાં રહે છે. દક્ષિણ ગાઝામાં, જ્યાં હજારો લોકો આશ્રય શોધી રહ્યા છે, ત્યાં હમાસની આગેવાની હેઠળના ગૃહ મંત્રાલયે ખાન યુનિસ શહેર ઉપર અવિરત હુમલાઓ થયા છે એવું કહ્યું છે, ખાન યુનિસની નાસેર હોસ્પિટલના તબીબી સ્ટાફે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૧૨ મૃતકો અને ૪૦ ઘાયલ થયા છે. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે તેણે ઈજિપ્તની સરહદ નજીક, રફાહમાં એક ટોચના પેલેસ્ટીની લડવૈયાને મારી નાખ્યો હતો અને ગાઝામાં સેંકડો લક્ષ્યો પર હુમલા કર્યા છે. ઈઝરાયેલે કહ્યું છે કે તે હમાસ જૂથના નેતાઓ અને લડવૈયાઓ નાગરિક વસ્તી વચ્ચે આશ્રય લઈ રહ્યા છે. ઈઝરાયેલે જે ઉત્તરીય વિસ્તારોને ખાલી કરવાની ચેતવણી આપી હતી, ત્યાં હવાઈ હુમલાઓ કર્યા છે અને અલ-ઝહરામાં ત્રણ રહેણાંક ટાવરોને તોડી પાડ્યા છે. ગાઝાના ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ઈઝરાયેલે આ વિસ્તારમાં સૈનિકો મોકલ્યા છે અને ગાઝામાં જમીની આક્રમણ શરૂ કરવાની અપેક્ષા છે, જો કે લશ્કરી અધિકારીઓ કહે છે કે કોઈ નિર્ણય લેવાયો નથી. ગાઝા આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે યુદ્ધ શરૂ થયું ત્યારથી ગાઝામાં ૩,૪૭૮ લોકો માર્યા ગયા છે અને ૧૨,૦૦૦થી વધુ ઘાયલ થયા છે, જેમાં મોટાભાગની મહિલાઓ, બાળકો અને વૃદ્ધો છે. અન્ય ૧,૩૦૦ લોકો



કાટમાળ નીચે દટાયા હોવાનું માનવામાં આવે છે. ઈઝરાયેલમાં ૧,૪૦૦થી વધુ લોકો માર્યા ગયા છે, જેમાં મોટાભાગે નાગરિકો ૭ ઓક્ટોબરના રોજ હમાસના આક્રમણ દરમ્યાન માર્યા ગયા હતા. આશરે ૨૦૦ અન્ય લોકોનું અપહરણ કરવામાં આવ્યું હતું. લેબેનોનમાં ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેની હિંસા પણ તાજેતરના દિવસોમાં ભડકી ઉઠી છે, આ લડાઈ સમગ્ર પ્રદેશમાં ફેલાઈ શકે છે. બાઈડેને જણાવ્યું હતું કે ઈજિપ્તના રાષ્ટ્રપતિ માનવતાવાદી સહાય સાથે ૨૦ ટ્રકોના પ્રારંભિક જૂથને જવા દેવા માટે રફાહ ક્રોસિંગ ખોલવા માટે સંમત થયા હતા. વ્હાઈટ હાઉસના અધિકારીએ જણાવ્યું હતું કે, આ સહાય શુક્રવારથી વહેલામાં વહેલી તકે જવાનું શરૂ થશે. ઈજિપ્તે હજી પણ સરહદ પારના રસ્તાનું સમારકામ કરવું પડશે, જે ઈઝરાયેલના હવાઈ હુમલાઓથી નષ્ટ થયા છે. ૨૦૦થી વધુ ટ્રક અને લગભગ ૩,૦૦૦ ટન સહાય ક્રોસિંગ ઉપર અથવા તેની નજીક સ્થિત છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂની ઓફિસે જણાવ્યું હતું કે બાઈડેનની વિનંતી બાદ આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. તે કહે છે કે ઈઝરાયેલ ઈજિપ્તમાંથી ખોરાક, પાણી અથવા દવાઓની ડિલિવરી રોકશે નહીં. બાઈડેને આરબ સાથીઓના વધતાં જતાં વિરોધ વચ્ચે ઈઝરાયેલ માટે સમર્થન જાહેર કર્યું અને તેમણે ગાઝાના પેલેસ્ટીનીઓ માટે માનવતાવાદી સહાય માટે $ 100 મિલિયનની પણ જાહેરાત કરી હતી.

# વિશ્વપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનો કાર્તિક પુર્ણિમાનો મેળો આ વર્ષે પવિત્ર ત્રિવેણી સંગમ સાંનિધ્યે યોજાશે

## સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરે બાયપાસ મેદાન અને ગોલોકધામ મેદાનની સ્થળ મુલાકાત લીધી





વેરાવળ તા. ૨૩

ભારત બાર જયોર્તિલીંગના પ્રથમ સોમનાથ મહાદેવનો વિક્રમ ઉઘડતા વર્ષ કાર્તિક સુદ ૧૧ થી ૧૫ પંચદિવસીય કાર્તિક પુર્ણિમા મેળો જે વર્ષ ૨૦૧૫ થી બાયપાસ મેદાન ઉપર યોજાય છે તે મેદાનમાં હિરણ નદીના પુલને હાઈવે સાથે જોડવાની કામગીરી ચાલુ હોય અને તેનો મોટાભાગનો સામાન પડયો હોય જેથી ત્યાં યોજી શકાય તેમ ન હોય, જેથી અગાઉના વર્ષોમાં સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમ સાંનિધ્યે આવેલ ગોલોકધામ મેદાનમાં આ મેળો યોજાય તેવી નિશ્ચિત વકી છે.

આ અંગે ગોલોકધામ મેદાન ઉપર જેસીબી સાથે મેનપાવર લગાડી સાફ-સફાઈ કરાઈ રહી છે. સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ સ્થળ નિરીક્ષણ કરી ઉપલી કચેરીએ રીપોર્ટ મોકલેલ છે જેનો નિર્ણય આવ્યા બાદ વિધીવત સરકારમાંથી મંજુરી લેવામાં આવશે અને મેળાના આયોજન અંગેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

કાર્તિક પુર્ણિમા મેળા વિષે જાણીએ તો મહાભારત-પુરાણોમાં ઉલ્લેખ મુજબ ભગવાન શિવે ત્રિપુર નામના અસુરોના લોહ, રૌપ્ય અને સુવર્ણ નિર્મીત ત્રણ નગરોનો બાળીને નાશ કર્યો હતો તે દિવસ કાર્તિક પુર્ણિમાનો હતો. તે દિવસે અસુરોના કષ્ટમાંથી મુક્તિ મળતા ત્રણે લોકમાં મહા ઉત્સવ થયો હતો. તેની યાદમાં ભગવાન સોમનાથના સાંનિધ્યમાં આ મેળો યોજવાનો નિર્ણય સોમનાથ ટ્રસ્ટી મંડળે તા.૨૭-૨-૧૯૫૫ના રોજ મળેલી ટ્રસ્ટની બેઠકમાં ઠરાવ કરી અને ટ્રસ્ટી કનૈયાલાલ મુન્શીના પ્રસ્તાવથી એવું નકકી કરવામાં આવ્યું કે કાર્તિક પુર્ણિમાએ દર વર્ષે મોટા મેળાનું આયોજન સોમનાથ ટ્રસ્ટે કરવું. અને ત્યારથી આ મેળાનું પ્રતિવર્ષ આયોજન થાય છે.

કાર્તિક પુર્ણિમાએ સોમનાથ મંદિરના શિખર ઉપર ગગન દિશામાં ચંદ્ર એવી રીતે સીધી લીટીમાં મધરાત્રે ગોઠવાઈ જાય છે કે જાણે શિવ ધ્યાન ધરતો હોય અને શિખર સાથે ચંદ્રનું દ્રશ્ય ભગવાને જાણે ચંદ્રને શિરે ધારણ કર્યુ હોય તેવી આસ્થા શ્રધ્ધાળુઓ અનુભવે છે.

# કલા મહાકુંભ ૨૦૨૩-૨૪નું આયોજન

## સાહિત્ય, કલા, નૃત્ય અને ગાયન વિભાગની સ્પર્ધામાં ભાગ લેવા તા. ૨૫મી ઓક્ટોબર સુધીમાં અરજી કરવી

જૂનાગઢ તા.૨૩

રમતગમત, યુવા અને સાંસ્કૃરતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ સંચાલિત કલા મહાકુંભ ૨૦૨૩-૨૪ યોજાનાર છે. જેમાં ૬ થી ૬૦ વર્ષ ઉપર સુધીના તમામ વયજુથના કલાકારો ભાગ લઈ શકશે. વયજુથ ચાર વિભાગ રહેશે. (૧) ૬ થી ૧૪ વર્ષ (૨) ૧૫થી ૨૦વર્ષ (૩) ૨૧ થી ૫૯ વર્ષ (૪) ૬૦ વર્ષથી ઉપર રહેશે. જેમાં (૧) સાહિત્યર વિભાગમાં વકૃત્વર, નિબંધ, કાવ્યવ લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ (૨) કલા વિભાગમાં ચિત્રકલા, સર્જનાત્માક કારીગરી (૩) નૃત્યઝ વિભાગમાં લોકનૃત્યત, રાસ, ગરબા, ભરતનાટ્યમ, કથ્થ ક, કુચિપુડી, ઓડીસી, મોહીનીઅટ્ટમ (૪) ગાયન વિભાગમાં શાસ્ત્રીનય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાશની), સુગમ સંગીત, લગ્નસગીત, સમુહગીત, લોકગીત, ભજન (૫) વાદન વિભાગમાં હારર્મોનિયમ (હળવું), તબલાં, ઓરગન, સ્કુલલબેન્ડ, વાંસળી, સિતાર, ગિટાર, સરોદ, સારંગી, પખાવજ, વાયોલીન, મૃદંગમ, રાવણહથ્થોગ, જોડીયા પાવા (૬) અભિનય વિભાગમાં એકપાત્રીય અભિનય, ભવાઈ સ્પર્ધામાં સ્પર્ધકો કૃતિના નિયમો પ્રમાણે ભાગ લઈ શકશે.

તાલુકાકક્ષા/ઝોનકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ઈચ્છુંક ઉમેદવારોએ નિયત નમુનાનું ફોર્મ, આધારકાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ સાથે રાખી તા.૨૫/૧૦/૨૦૨૩ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાંઝોન/તાલુકા કન્વીનરનેમળી જાય તે રીતે મોકલવાના રહેશે. કલામહાકુંભ ૨૦૨૩-૨૪ તાલુકાકક્ષા/ઝોનકક્ષાની સ્પર્ધાઓનું આયોજન આગામી ડીસેમ્બર-૨૦૨૩માં કરવામાં આવશે. સીધી જિલ્લાકક્ષા, સીધી પ્રદેશકક્ષા અને સીધી રાજયકક્ષાએથી શરૂ થતી સ્પરર્ધાઓમાં ભાગ લેવા માટે ઈચ્છુાક ઉમેદવારોએ નિયત નમુનાનું ફોર્મ, આધારકાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ સાથે રાખી તા.૨૫/૧૦/૨૦૨૩ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બ્લોક નં.૧, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરદારબાગ, જુનાગઢ ૩૬૨001 ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતમોકલવાની રહેશે. જ્યારે સ્પર્ધા અંગેના નિયમો, ઝોન/તાલુકા કન્વી નરની યાદી, નિયત નમુનાના ફોર્મની માહિતી Dydo Junagadh ફેસબૂક આઈ.ડી ઉપર જોઈ શકાશે.

# જયશ્રી રામ : કેસરીયા ધ્વજથી રંગાયું શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ નોર્થ ઝોનનું ગ્રાઉન્ડ

## શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ વેસ્ટ ઝોનમાં ટીટોડા રાસમાં રમઝટ બોલાવતા હજારો ખેલૈયાઓ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૩



શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટ શહેર સહિત રાજ્યભરમાં ૩૩થી વધુ સ્થળે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તમામ સ્થળે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવના ગ્રાઉન્ડ હાઉસફુલ થઈ ગયા છે અને હજારો ખેલૈયાઓ રાસ-ગરબા રમીને મા ખોડલની આરાધના કરી રહ્યા છે. ત્યારે રાજકોટ શહેરના ચારેય ઝોનમાં યોજાયેલા શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં છ દિવસથી ખેલૈયાઓ ગ્રાઉન્ડ છલકાવી રહ્યા છે અને સંગીતના તાલે રાસ-ગરબા રમી રહ્યા છે. છઠ્ઠા નોરતે ૨૦ ઓક્ટોબરના રોજ શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ નોર્થ ઝોનમાં જયશ્રી રામના નારા સાથે હાથમાં કેસરીયા ધ્વજ લઈને ખેલૈયાઓએ રમઝટ બોલાવી હતી. તો આ તરફ શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ વેસ્ટ ઝોનમાં ટીટોડા રાસમાં ખેલૈયાઓ મન મૂકીને ગરબે રમ્યા હતા. જ્યારે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ સાઉથ ઝોનમાં સર્વ સમાજની બહેનોએ રાસ-ગરબા રમ્યા હતા. તો આ તરફ રાજકોટ શહેરના સામાકાંઠા વિસ્તારમાં એટલે કે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ ઈસ્ટ ઝોનમાં હજારો ખેલૈયાઓથી ગ્રાઉન્ડ ખીચોખીચ થઈ ગયું હતું. મહત્વનું છે કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજકોટ શહેરના ચારેય ઝોનમાં યોજાયેલા શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં અદ્યતન સાઉન્ડ સિસ્ટમ, પ્રખ્યાત સિંગર, ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સાથે મેડિકલને લઈને પણ તકેદારી રાખવામાં આવી છે. ચારેય નવરાત્રિ મહોત્સવ સ્થળે એમ્બ્યુલન્સની સાથે ડોક્ટરોની ટીમ પણ હાજર રહે છે. આમ ખેલૈયાઓની સુરક્ષા અને સ્વાસ્થયની સંભાળ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાખવામાં આવી રહી છે.

# EPFOએ ઓગસ્ટ ૨૦૨૩માં ૧૬.૯૯ લાખ મેમ્બર્સ જોડયા





**નિયમિત પગાર પર નોકરી મેળવનારાઓનો ડેટા દર્શાવે છે કે લગભગ ૧૧.૮૮ લાખ સભ્યો EPFOમાં ફરી જોડાયા છે, ૨.૪૪ લાખ મહિલા મેમ્બર્સ પણ સામેલ**

નવી દિલ્હી, તા.૨૩

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનએ ઓગસ્ટ, ૨૦૨૩ માં કુલ ૧૬.૯૯ લાખ મેમ્બર્સ જોડ્યા હતા. નિયમિત પગાર પર નોકરી મેળવનારાઓ વિશે જાહેર કરાયેલા પેરોલ ડેટામાં આ માહિતી આપવામાં આવી હતી. શ્રમ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આંકડાઓની વાર્ષિક ધોરણે સરખામણી કરવામાં પર ઓગસ્ટ ૨૦૨૨ની સરખામણીમાં આ વર્ષે નેટ સભ્યોની સંખ્યામાં થોડો વધારો જોવા મળ્યો હતો. આજે જાહેર કરાયેલા EPFOના પ્રોવિઝનલ પેરોલ ડેટા દર્શાવે છે કે EPFOએ ઓગસ્ટ, ૨૦૨૩ મહિનામાં ૧૬.૯૯ લાખ સભ્યો જોડ્યા હતા. ઓગસ્ટ, ૨૦૨૨માં ગયા વર્ષની સરખામણીમાં નેટ સભ્યોમાં થોડો વધારો દર્શાવે છે. ડેટા દર્શાવે છે કે ૩૨૧૦ સંસ્થાઓએ મહિના દરમિયાન તેમનો પહેલો ECR મોકલીને તેમના કર્મચારીઓને EPFOનું સામાજિક સુરક્ષા કવચ વધાર્યું છે. પેરોલ ડેટાનું જેન્ડર પ્રમાણે વિશ્લેષણ દર્શાવે છે કે મહિના દરમિયાન જોડાયેલા કુલ ૯.૨૬ લાખ નવા સભ્યોમાંથી લગભગ ૨.૪૪ લાખ નવા સભ્યો મહિલાઓ છે, જેઓ પ્રથમ વખત EPFO સાથે જોડાઈ રહ્યા છે. ઉપરાંત, મહિના દરમિયાન મહિલા મેમ્બર્સની હિસ્સેદારી આશરે ૩.૪૩ લાખ રહી હતી. મહિના દરમિયાન ૩૨૧૦ સંસ્થાઓએ તેમના કર્મચારીઓને તેમની પ્રથમ ECR સબમિટ કરીને EPFOની સામાજિક સુરક્ષા યોજનાના દાયરામાં લાવ્યા છે. EPFOમાં જોડાનાર ૧૮-૨૫ વર્ષની વયજૂથના યુવાનોનો હિસ્સો કુલ નવા સભ્યોમાં ૫૮.૩૬ ટકા છે. આ દર્શાવે છે કે મોટા ભાગના પ્રથમ વખત નોકરી મેળવનારા યુવાઓ સંગઠિત ક્ષેત્રમાં જોડાઈ રહ્યા છે. નિયમિત પગાર પર નોકરી મેળવનારાઓનો ડેટા દર્શાવે છે કે લગભગ ૧૧.૮૮ લાખ સભ્યો EPFOમાં ફરી જોડાયા છે. આ દર વાર્ષિક ધોરણે ૧૦.૧૩ ટકા વધ્યો છે. આ સભ્યોએ તેમની નોકરી બદલી અને EPFO હેઠળની સંસ્થાઓમાં ફરી જોડાયા. ઉપરાંત, તેઓએ અંતિમ સમાધાન માટે અરજી કરવાને બદલે તેમની થાપણો ટ્રાન્સફર કરવાનું પસંદ કર્યું હતું. આંકડાઓ અનુસાર, છેલ્લા બે મહિનામાં EPFOમાંથી બહાર નીકળનારા સભ્યોની સંખ્યામાં સતત ઘટાડો થયો છે. રાજ્યવાર વિશ્લેષણ કરીએ તો મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક, ગુજરાત અને હરિયાણામાં સૌથી વધુ મેમ્બર્સ જોડાયા છે. આ રાજ્યોમાં ઓગસ્ટમાં સંયુક્ત રીતે ૯.૯૬ લાખ સભ્યો વધ્યા છે, જે કુલ નવા સભ્યોના ૫૮.૬૪ ટકા છે.

# ટેક્સ ભરવાથી બચવા લોકો બનાવે છે ગર્લફ્રેન્ડ

નવી દિલ્હી, તા.૨૩



દુનિયાના દરેક દેશમાં ટેક્સને લઈને અલગ-અલગ નિયમો બનાવવામાં આવ્યા છે. કેટલાક દેશોમાં આવક પર ટેક્સ લાગે છે અને કેટલાક દેશોમાં વિવિધ વસ્તુઓ પર ટેક્સ લાગે છે. ગર્લફ્રેન્ડ ન હોય તો પણ ટેક્સ ભરવો પડે છે. ભારતમાં એવા ઘણા લોકો છે જેઓ કુંવારા છે, એટલે કે તેમના લગ્ન થયા નથી.

શું માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં આવા લોકોની વિપુલતા છે? કેટલાક લોકો મજબૂરીમાં બેચલર રહેવા માંગે છે, જ્યારે કેટલાક લોકો પોતાની મરજીથી આવું જીવન પસંદ કરે છે. આ વિશ્વમાં એક જગ્યાએ થાય છે. જો તમારી ગર્લફ્રેન્ડ ન હોય તો તમારે ટેક્સ ચૂકવવો પડશે. આ ટેક્સ યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના મિઝોરી શહેરમાં લેવામાં આવે છે.

દરેક દેશમાં ટેક્સને લઈને અલગ-અલગ નિયમ અમેરિકાના મિઝોરી શહેરમાં, ૨૧ થી ૫૦ વર્ષની વયના બેચલર પુરુષો પાસેથી ૧ ડોલર ટેક્સ તરીકે લેવામાં આવે છે અમેરિકાના મિઝોરી શહેરમાં, ૨૧ થી ૫૦ વર્ષની વયના બેચલર પુરુષો પાસેથી ૧ ડોલર ટેક્સ તરીકે લેવામાં આવે છે. આ જ કારણ છે કે ત્યાંના લોકો ટેક્સ ભરવાથી બચવા માટે કાંતો ગર્લફ્રેન્ડ બનાવે છે અથવા લગ્ન કરે છે.

## અમેરિકામાં વિદેશી કામદારોના નિયમોમાં ફેરફાર કરાશે

# એચ૧બી વિઝા હેઠળ એક વ્યક્તિ માત્ર એક જ નોમિનેશન કરી શકશે

વોશિંગ્ટન, તા.૨૩



અમેરિકાની બાયડેન ગર્વમેન્ટે યુએસએમાં કામ કરવા માટે વિદેશી કામદારોને આપવામાં આવતા એચ૧બી વિઝા પ્રોગ્રામમાં ફેરફાર કરવા જઈ રહી છે. આ ફેરફારો વિદેશી કર્મચારીઓની ક્ષમતામાં સુધારો કરવા તેમજ વિદેશી વિદ્યાર્થીઓ ને વધુ સરળ તેમજ નોન-ઈમિગ્રન્ટ કર્ચમારીઓને વધુ સારુ કામ કરવાની પરિસ્થિતિઓ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવ્યા છે. આ નવા ફેરફારો આગામી ૨૩મી ઓક્ટોબરના રોજ 'યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ' (યુએસસી-આઈએસ) દ્વારા 'ફેડરલ રજિસ્ટર'માં પ્રકાશિત કરવામાં આવશે. મીડિયા રિપોર્ટ્સ મુજબ હાલ એચ૧બી વિઝાની નિશ્ચિત સંખ્યા ૬૦ હજારની મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી, ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યુરિટીએ જણાવ્યું હતું કે સૂચિત ફેરફારોનો હેતુ યોગ્યતાની જરૂરિયાતોને સુવ્યવસ્થિત કરવા, પ્રોગ્રામની કાર્યક્ષમતામાં સુધારો કરવા, નોકરીદાતાઓ અને કર્મચારીઓને વધુ લાભો અને સુગમતા પ્રદાન કરવાને મજબૂત કરવા માટે કરવામાં આવી રહ્યા છે. આ એચ૧બી વિઝા પ્રોગ્રામની મદદથી અમેરિકન નોકરીદાતાઓ અમેરિકન કર્મચારીઓની સુરક્ષાના ધોરણોનું પાલન કરીને, તેમની વ્યવસાયિક જરૂરિયાતોને પહોંચી વળવા અને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક રહેવા માટે વિદેશી કુશળ કર્મચારીઓને રાખી શકે છે. યુએસ હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરીએ જણાવ્યું કે, સૂચિત ફેરફારોનો હેતુ યોગ્યતાની જરૂરિયાતોને સુવ્યવસ્થિત કરવા, નોકરીદાતાઓ અને કર્મચારીઓને વધુ લાભો પ્રદાન કરવાનો છે જો બાઈડેન-કમલા હેરિસ વહીવટીતંત્રની પ્રાથમિકતા વૈશ્વિક પ્રતિભાને આકર્ષવાની, વર્તમાન કર્મચારીઓ પરના બોજને ઘટાડવા અને ઈમિગ્રેશન સિસ્ટમમાં છેતરપિંડી અટકાવવાની છે. હાલની સ્થિતિ અનુસાર એક ઉમેદવાર બહુવિધ નોમિનેશન કરી શકે છે, આવી સ્થિતિમાં તેની પસંદગી થવાની શક્યતા વધી જાય છે. હવે નવા પ્રસ્તાવ હેઠળ એક વ્યક્તિ માત્ર એક જ નોમિનેશન કરી શકશે, આવી સ્થિતિમાં વધુ લોકોને તક મળશે. આ ઉપરાંત સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા જતા વિદ્યાર્થીઓ માટે એચ૧બી વિઝા માટેની પાત્રતા પણ સરળ બનાવવામાં આવી છે.



નોરતામાં કન્યા પૂજન માટે કન્યા શોધનારા 'કન્યા ભ્રૂણ હત્યા' થતી અટકાવવા કેમ પ્રયત્નો નહિં કરતા હોય?



નવરાત્રીના ઉપવાસ પુરા થયા એટલે ડબલ ભોજન લેવાનું શરૂ કરી દીધું!

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં નવરાત્રી અંતિમ ચરણમાં આવતીકાલે દશેરા

## વિજયાદશમી(દશેરા)ની ઉત્સાહભેર ઉજવણી થશે : બજારોમાં ફરસાણ-મીઠાઈની ધુમ ખરીદી





(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં નવરાત્રી મહોત્સવની ઉમંગભેર, આસ્થાભેર અને ભકિતભાવપુર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ઠેર-ઠેર પ્રાચીન અને અર્વાચીન રાસ-ગરબાના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. શાંતીપુર્ણ માહોલમાં નવરાત્રી ઉત્સવ ઉજવવામાં આવી રહી છે. આ દરમ્યાન ગઈકાલે રવિવારના દિવસે એટલે કે આઠમના દિવસે હવનાષ્ટમીનો કાર્યક્રમ ભકિતભાવ પુર્વક સંપન્ન કરવામાં આવેલ હતો. ગિરનાર ખાતે બિરાજમાન અંબાજી માતાજીના મંદિરે હવનનો કાર્યક્રમ યોજાયો હતો. તેમજ સુપ્રસિધ્ધ વાઘેશ્વર માતાજીના મંદિરે પણ હવનનો કાર્યક્રમ યોજાયો હતો. હવનાષ્ટમી બાદ આજે નવમું નોરતું છે અને આ સાથે જ નવરાત્રી મહોત્સવ અંતિમ ચરણમાં પહોંચી ગયેલ છે. આવતીકાલે દશેરા એટલે કે વિજયાદશમી પર્વની ઉજવણી કરવામાં આવશે. આવતીકાલે વિવિધ શહેરોમાં દશેરા પર્વ પ્રસંગે શસ્ત્ર પૂજાના કાર્યક્રમો તેમજ રાવણ દહનના કાર્યક્રમો યોજવામાં આવનાર છે. જયારે બીજી તરફ નવરાત્રી પુર્ણ થયા બાદ શુભ મુહુર્તમાં માતાજીના ગરબાને પધરાવવા આવતા હોય છે અને મીઠાઈનો પ્રસાદ મુકવામાં આવતો હોય છે અને આવતે વર્ષે વહેલા વહેલા પધારશો માતાજી તેવી પ્રાર્થના કરવામાં આવતી હોય છે. દશેરાનું પર્વ મીઠાઈનું પર્વ પણ ગણાય છે. દશેરા પર્વને લઈને બજારોમાં વિવિધ પ્રકારના ફરસાણ તેમજ મીઠાઈ જેમ કે કાજુકતરી, સાટા જલેબી, મોહનથાળ, બરફી સહિતની વિવિધ વેરાઈટીઓની મીઠાઈ જોવા મળી રહી છે અને ફરસાણ અને સ્વીટમાર્ટો દ્વારા મંડપો ઉભા કરી અને ફરસાણ અને મીઠાઈની બજાર ભરવામાં આવી છે. તહેવારોને અનુલક્ષીને લોકો પણ હોશેહોશે મીઠાઈની ખરીદી કરી રહ્યા છે.

# જૂનાગઢ અને વલસાડમાં ઘી બનાવતી પેઢીઓ ખાતે તપાસ હાથ ધરાતા કુલ રૂા.૧૦.૩૪ લાખની કિંમતનો ૨૬૩૩ કિ.ગ્રા. ભેળશેળયુક્ત ઘીનો જથ્થો જપ્ત કરાયો

### નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં નાગરિકોને જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજય સરકાર સતર્ક : ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કમિશ્નર ડો. એચ. જી. કોશિયા

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૩

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું કે, નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં રાજયના નાગરિકોને જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજય સરકાર સતત સતર્ક છે. તાજેતરમાં જ જૂનાગઢ ખાતે મે. જય ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તપાસ હાથ ધરતા આશરે રૂા.૭ લાખની કિંમતનો ૨૧૦૦ કિલોગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વલસાડ ખાતે પણ મે. ચરણામૃત ડેરી અને મે. જશનાથ ટ્રેડર્સ ખાતે તપાસ હાથ ધરાતા રૂા.૩.૩૪ લાખની કિંમતનો આશરે ૫૩૩ કિલોગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. બંને મળી રાજયમાં કુલ રૂા.૧૦.૩૪ લાખની કિંમતનો ૨૬૩૩ કિલોગ્રામ ભેળશેળયુક્ત ઘીનો જથ્થો ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ દ્વારા જપ્ત કરાયો છે. તેમણે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રને ઘીમાં ભેળશેળ કરતા હોવાની મળેલી બાતમીના આધારે ગાંધીનગર વડી કચેરી તેમજ જૂનાગઢ વર્તુળ કચેરી દ્વારા સંયુકત રીતે જૂનાગઢની મે. જય ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ ખાતે સફળ રેડ કરી શંકાસ્પદ ઘીના નમૂના લેવામાં આવ્યા હતા. પેઢીના માલિક કમલેશકુમાર સોઢા વગર પરવાને ઘી બનાવી વેચવાનો ગેરકાયદેસર ધંધો કરતા હતા. તપાસ દરમ્યાન શંકાસ્પદ ''અમુલ ઘી'' તથા ''કૃષ્ણા ઘી''ના ૧૫ કિગ્રા પેકિંગમાં જથ્થો જોવા મળ્યો હતો, જેનું બીલ રજૂ કર્યું ન હતું પરંતુ નિવેદનથી આ ઘી તેઓ મે. જી.પી.એસ. ઓઈલ ઈન?ડસ્ટ્રીઝ-મુંબઈથી વગર બીલે ખરીદ કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘીમાં તેઓ પામોલીન ઓઈલ, વનસ્પતિ તથા બીજી હલ્કી કક્ષાના પદાર્થોની ભેળસેળ કરી નીચી ગુણવત્તા વાળું ભેળસેળ યુક્ત ઘીનું ઉત્પાદન કરી પોતાની ''વ્રજ મટુકી'' અને ''શ્રી કાઠીયવાડી ગીર બ્રાન્ડ''થી અલગ-અલગ પેકીંગમાં પેક કરી ૧ લિટરના રૂા.૨૫૦/- લેખે વેચતા હોવાનું જણાયું હતું. સ્થળ ઉપર મેજીક બોક્ષ દ્વારા ઘીની ગુણવત્તા અંગે ચકાસણી કરતા પ્રાથમિક દ્રષ્ટિએ ઘીમાં ભેળસેળની પ્રબળ શંકાના આધારે પેઢીના માલિકની હાજરીમાં જ ઘીના છ (૬) નમુના લેવાયા હતા અને બાકીનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. કમિશનરશ્રીએ ઉમેર્યું હતું કે, વલસાડ ખાતે પણ વલસાડ વર્તુળ કચેરી દ્વારા ઉમરગામ તથા તાપી તાલુકામાં સઘન ચેકીંગ હાથ ધરાતા ઉમરગામની મે. ચરણામૃત ડેરીમાં પણ શંકાસ્પદ ઘીનો જથ્થો જોવા મળ્યો હતો. પેઢીના માલિક મિતુલભાઇ ધામેલીયાની હાજરીમાં ''રંગ મધુર ગાયનું ઘી'' કે જે નીચલી ગુણવત્તા વાળા બટરમાંથી બનાવતા હોવાનું જાણવા મળ્યું હતું. અહિ ઉત્પાદિત ''રંગ મધુર ગાયનું ઘી''ના કુલ ૨ નમુનાઓ લઈ આશરે ૫૦૦ કિ.ગ્રા. જેટલો જથ્થો જપ્ત કરાયો છે. આ સાથે જ અન્ય પેઢી મે. જશનાથ ટ્રેડર્સ ખાતેથી પણ પેઢીના માલિક સુરેશકુમાર સરનની હાજરીમાં ''સરન પ્રિમિયમ ગાયનું ઘી'' તથા ''વાસ્તુ એગમાર્ક ઘી''ના કુલ ૨ નમુનાઓ લઈ બાકી રહેલ ૩૩ કિ.ગ્રા. જથ્થો કે જેની અંદાજીત કિંમત રૂા.૨૧,૦૦૦/- છે તે જપ્ત કરવામાં આવ્યો છે.

## જૂનાગઢનાં દાણાપીઠમાં આવેલ મહાલક્ષ્મી માતાજીનાં મંદિરે આજે હવન યોજાશે

જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં આવેલ સુપ્રસિધ્ધ પ્રાચીન શ્રી મહાલક્ષ્મી માતાજીનાં મંદિરનાં મેનેજીંગ ટ્રસ્ટી ભુપેન્દ્ર સી. વ્યાસની યાદી જણાવે છે કે પ્રતિ વર્ષથી જુની પરમપંરા મુજબ મહાલક્ષ્મી માતાજીનાં મંદિરમાં આસો સુદ નોમને સોમવાર તા. ૨૩-૧૦-૨૩ના રોજ મંદિરનાં પટાંગણમાં શ્રી હોમાત્મક નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. હવનનું બીડુ સાંજે ૫.૩૦ કલાકે હોમાશે. આ પ્રસંગે ગોંડલનાં આચાર્ય મહેશભાઈ ઓઝા તથા તેમનાં અનુભાઈઓ જૂનાગઢનાં પ્રસિધ્ધ બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરશે અને મહાલક્ષ્મી માતાજીની સ્તુતિઓ બોલશે. આ ધાર્મિક પ્રસંગમાં સર્વ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

## જૂનાગઢમાં જુગાર દરોડો : ચાર ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ચોક્કસ બાતમીના આધારે આંબાવાડી ઓમકાર એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને રૂા.૧૨,૯૮૦ની રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.


ખોડલધામ ટુર
સ્લીપર બસ દ્વારા
તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

ઓમ કેરીયર એકેડેમી
તમામ સરકારી ભરતી માટેના માર્ગદર્શન વર્ગો
GPSC, PSI, તલાટી, સચિવાલય
સેમીનાર તા. ૨૫-૧૦-૨૦૨૩
સમય : સવારનાં ૧૦ થી ૧.૦૦
રજીસ્ટ્રેશન માટે નામ નોંધાવવું જરૂરી છે
સ્થળ : કનેરીયા શોપીંગ સેન્ટર, મોતીબાગ સામે, જૂનાગઢ. મો. ૯૯૨૫૫ ૦૦૩૬૬

મોકાની દુકાન વેચવાની તથા ભાડે આપવાની છે
જૂનાગઢનાં ભરચક વિસ્તાર માંગનાથ રોડ, વલ્લભાશ્રય માર્કેટ, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.૧૩ ખૂબજ વ્યાજબી ભાવમાં વેચવાની છે
મો. ૯૭૨૩૮ ૯૮૪૮૫

નવરાત્રીની હાર્દિક શુભેચ્છા...
- હરક્યુલિસ સાયકલ
- હીરો સાયકલ
- બીએસએ સાયકલ
- વિકટર ૯૧ સાયકલ
- હિલી સાયકલ
- કોરાડો સાયકલ
- બ્રિટીશ ઈગલ સાયકલ
- ફન રાઈડ ટ્રાસીકલ
- દાસ સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં થિયરી
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨ જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર - જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ફ્લેટ વેચવાનો છે
2 BHK ડાઈનીંગ, ફ્લેટ
2BHK ડાઈનીંગ, નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦